₹ ૧૫/-

શ્રદ્ધાનું પાંગરવું

પ્રભુ અર્પણ

જુલાઈ - ૨૦૧૬

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

*

પ્રકૃતિનો એવો કોઈ કાયદો નથી કે જેની ઉપરવટ ન જવાય અથવા જેનું પરિવર્તન ન થઈ શકે. ફક્ત આપણામાં એવી શ્રદ્ધા હોવી જોઈએ કે આ સર્વ ઉપર પ્રભુનું રાજ્ય ચાલે છે અને આપણે એ પ્રભુ સાથે સીધો સંપર્ક સ્થાપી શકીએ છીએ. આપણને આપણી યુગો પુરાણી આદતોના કેદખાનામાંથી નાસી છૂટતાં આવડવું જોઈએ તેમ જ પરમાત્માના સંકલ્પને આપણે આપણી જાત નિઃશેષ સમર્પિત કરી દેવી જોઈએ.

શ્રી માતાજી

(CWM 10 : 241)

લોકો સામાન્યતઃ જેને અંધશ્રદ્ધા કહે છે તે જે લોકોની બુદ્ધિ સત્ય જ્ઞાન ગ્રહણ કરવા પૂરતી વિકસિત હોતી નથી તેમને ઈશ્વરકૃપા ક્યારેક જે આપે છે તે હોય છે. આમ અંધશ્રદ્ધા એ કોઈ ખૂબ પ્રતિષ્ઠિત વસ્તુ હોઈ શકે છે. અલબત્ત, એ વાત તો સ્પષ્ટ જ છે કે જે વ્યક્તિ પાસે સત્ય જ્ઞાન હોય છે એ તો ખૂબ જ સારી અવસ્થામાં હોય જ છે.

શ્રી માતાજી

(CWM 10 : 288)

પ્રભુ
અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

જુલાઈ – ૨૦૧૬ વર્ષ : ૦૨ અંક : ૭

અનુક્રમ

શ્રદ્ધાનું પાંગરવું

શ્રદ્ધા જ્ઞાન સ્વરૂપે	૦૬
શ્રદ્ધા શક્તિ સ્વરૂપે	૧૧
શ્રદ્ધાનો પુલ બાંધવો	૨૧
શ્રદ્ધા — ચિંતન-મનન	૩૩
ચેતના એક જ છે	૩૬
ઉપસંહાર	૩૭

* * *

વૃત્ત વિશેષ	૩૯
NOTICE FOR ANNUAL GENERAL MEETING	૪૨

સંપાદકીય : 'ખરાબમાં ખરાબ દિવસોમાં શ્રદ્ધા એ આપણું અચૂક માર્ગદર્શન કરતો ભોમિયો છે.' આપણા આત્મામાંથી પ્રકાશ રૂપે પ્રકટ થતું એ છે ધ્યેય દર્શાવતું છૂપું જ્ઞાન. આપણા સ્વરૂપના અન્ય ઘટકો જ્યારે આપણને આડમાર્ગે દોરી જતાં હોય ત્યારે પણ આપણને યોગ્ય રીતે ધ્યેય પ્રતિ અભિમુખ કરી આપતું હોકાયંત્ર એ શ્રદ્ધા છે. શ્રદ્ધા શક્તિ પણ છે. આપણી અન્ય શક્તિઓનો ક્ષય થઈ ગયો હોય ત્યારે પણ એ શક્તિ આપણી સહાય કરે છે, આપણું રક્ષણ કરે છે. અન્ય સર્વ કંઈ આપણી પાસેથી આંચકી લેવામાં આવ્યું હોય તેવે સમયે પણ શ્રદ્ધા આપણા જીવનનું પુનર્ગઠન કરી શકે છે. એ છે ઈશ્વરકૃપાની ભેટ, એ એવો અમૂલ્ય ખજાનો છે જેનું આપણે ઉમંગપૂવક જતન કરવું જ રહ્યું. શ્રદ્ધા વગર માનવ આગળ વધી શકે જ નહિ. સામાન્ય દુન્યવી જીવનમાં ટકી રહેવા માટે એને પોતાના સ્વરૂપમાં સમાવિષ્ટ શ્રદ્ધા ઉપર આધાર રાખવો પડે છે તો આધ્યાત્મિક જીવનમાં — જ્યાં એને નૂતન તેમ જ અજ્ઞાતનો સતત સામનો કરવો પડતો હોય છે — પણ એને આ શ્રદ્ધાની જ સહાય લેવી પડે છે. શ્રી અરવિન્દ તથા શ્રી માતાજી, બંનેએ આ શ્રદ્ધા — જે આધારરૂપ સ્થંભ છે — ને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. અગાઉના (જૂન ૨૦૧૬) અંકમાં શ્રદ્ધા વિષયક શ્રી અરવિન્દનાં પ્રકાશમાન લખાણોનું સંકલન કરવામાં આવ્યું હતું અને આ અંકમાં શ્રદ્ધા કેવી રીતે કેળવવી, એની વૃદ્ધિ કઈ રીતે કરવી, એનું જતન કરી પ્રગતિ કરવામાં એનો ઉપયોગ કઈ રીતે કરવો એ અંગે વ્યવહારુ માર્ગદર્શન આપતાં શ્રી માતાજીનાં લખાણોનું સંકલન કરવામાં આવ્યું છે.

મુખપૃષ્ઠ ચિત્ર : આ પુષ્પને શ્રી માતાજીએ આપેલું આધ્યાત્મિક નામ : સૌંદર્યનું સ્મિત (પ્રકૃતિ સુંદર રહેવામાં આનંદ અનુભવે છે.) સામાન્ય નામ : ચેરીના વૃક્ષનું પુષ્પ

જે ક્ષણે આપણને સમગ્ર પરિસ્થિતિ સંપૂર્ણપણે હાથમાંથી સરી જતી લાગે તે જ ક્ષણે આપણે શ્રદ્ધાની એક પરમ ક્રિયા કરવી જોઈએ અને વિશ્વાસ રાખવો જોઈએ કે ઈશ્વરકૃપા આપણને કદાપિ નિરાશ નહિ કરે.

(CWM 15 : 169) — **શ્રી માતાજી**

શ્રદ્ધા જ્ઞાનસ્વરૂપે

શ્રદ્ધા એ છે આત્માનું સહજ જ્ઞાન

બાહ્ય ચેતનાનો બોધ ચૈત્ય બોધનો કદાચ અસ્વીકાર કરે, પરંતુ ચૈત્યને સાચું જ્ઞાન, અંતઃસ્ફુરણાનું સાહજિક જ્ઞાન હોય છે. તે જણાવે છે : ''હું જાણું છું, હું કારણો આપી શકતો નથી, પણ હું જાણું છું.'' પરંતુ તેનું જ્ઞાન માનસિક અનુભવ પર આધારિત કે સાચું પુરવાર થયેલું હોતું નથી. સાબિતીઓ આપ્યા પછી તેની માન્યતા બંધાતી નથી. શ્રદ્ધા આત્મામાંથી સ્ફુરે છે, તેનું જ્ઞાન સ્વતઃસ્ફૂર્ત, સીધેસીધું હોય છે. આખી દુનિયા ધારો કે તેથી વિરુદ્ધ હજારો સાબિતીઓ લઈને આવે, છતાંય તે આંતર જ્ઞાનથી જાણતી હોય છે. એ એક એવો સીધો બોધ હોય છે જે બધાંયની સામે ખડો રહી શકે છે, એ તાદાત્મ્યથી થયેલો બોધ હોય છે. ચૈત્યનું જ્ઞાન એ કાંઈક એવું હોય છે, જે નક્કર હોય છે, સ્પર્શક્ષમ હોય છે, એક સઘન પૂંજ હોય છે. તમે તેને તમારા મનમાં, પ્રાણમાં, શરીરમાં આણી શકો. પછી તે એક પૂર્ણ શ્રદ્ધા બને છે, એ એક એવી શ્રદ્ધા છે જે પર્વતોને વિચલિત કરી શકે. પરંતુ તમારી સત્‌તામાં કંઈક આવીને કહે કે ''તે આના જેવું નથી'' તેમ ન ચાલે; અથવા તેની કસોટી થઈ શકે નહીં. અરધીપરધી માન્યતાથી તમે બધું બગાડો છો. જો શ્રદ્ધા પૂર્ણ અને અચલ ન હોય તો પરમનું પ્રકટીકરણ કેવી રીતે થઈ શકે ? શ્રદ્ધા પોતે હંમેશાં અડગ છે, એ તેનો સ્વભાવ છે. કારણ, નહિ તો એ શ્રદ્ધા હોઈ જ ન શકે. પણ એમ બની શકે કે મન અથવા પ્રાણ, અથવા દેહ ચૈત્યની ગતિવિધિને અનુસરે નહિ. કોઈ માણસ કોઈક યોગીની પાસે જાય, તેનામાં એકાએક શ્રદ્ધા જાગે કે પેલો માણસ તેને તેના લક્ષ્ય લગી લઈ જશે. એને ખબર નથી કે એ યોગીને જ્ઞાન છે કે નહિ. તેનામાં એક પ્રકારનો સંક્ષોભ થઈ આવે છે, તેને એમ લાગે છે કે તેણે પોતાના ગુરુ મેળવ્યા. લાંબી માનસિક મથામણ કે ઘણા ચમત્કારોને લઈને તે માનતો થયો છે એમ નથી. અને આ પ્રકારની શ્રદ્ધા જ સમયોચિત હોય છે. તમે જો દલીલબાજી આરંભો તો તમારી નિયતિને ગુમાવશો. કેટલાક લોકો ચૈત્ય સંવેગ તર્કયુક્ત છે કે નહિ તે વિશે વિમર્શ કરતા હોય છે !

શ્રદ્ધા ગેરમાર્ગે દોરી જતી નથી

ખરી રીતે જોઈએ તો જેને બધા અંધશ્રદ્ધા કહે છે તેનાથી લોકો ગેરરસ્તે દોરવાતા નથી હોતા. તેમને બોલતા આપણે સાંભળીએ છીએ : ''અરે, મેં આ કે તે માણસમાં શ્રદ્ધા રાખી, અને તેણે મને છેતર્યો !'' ખરું જોતાં અહીં દોષ પેલાનો નથી, પણ જે માને છે તેનો છે. તેનામાં ક્યાંય દુર્બળતા રહેલી હોય છે. જો તેણે પોતાની શ્રદ્ધા અક્ષુણ્ણ રાખી હોત, તો તે પેલા માણસને પરિવર્તિત કરી શક્યો હોત. કારણ કે, તે એક જ પ્રકારની શ્રદ્ધાયુક્ત ચેતનામાં રહી ન શક્યો, એટલે તેને પોતે છેતરાયો એમ લાગ્યું. પોતાને પેલા માણસને જેવો હોવો જોઈએ એમ

લાગતું હતું તેવો તેને કરી ન શક્યો. જો તેનામાં પૂર્ણ શ્રદ્ધા હોત તો પેલી વ્યક્તિને પરિવર્તન આપવાની ફરજ પાડી શક્યો હોત. જે બધા ચમત્કારો બને છે તે શ્રદ્ધાને લઈને બને છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિની પાસે જાય છે, ત્યાં એને ભગવાનની હાજરીનો સંસ્પર્શ થાય છે. હવે જો એ સંસ્પર્શ અણિશુદ્ધ રાખે, એને જારી રાખી શકે, તો તેને પરિણામે દિવ્ય ચેતનાને અત્યંત ભૌતિક ચેતનામાં પ્રગટ થવાની ફરજ પડે. પણ આ બધું તમારું ધોરણ અને તમારી સચ્ચાઈ પર આધાર રાખે છે. તમે જેટલા ચૈત્ય દૃષ્ટિએ તત્પર તેટલે અંશે તમે ખરા મૂળ તરફ જઈ શકો, સાચા ગુરુને ('માસ્ટર') પામી શકો. ચૈત્ય સ્વરૂપ અને તેની શ્રદ્ધા હંમેશાં સાચાં હોય છે; પણ જો તમારી બહારની સત્તામાં છળ હશે અને તમે જો આધ્યાત્મિક જીવનને બદલે અંગત શક્તિઓને શોધતા હશો, તો તમે આડે માર્ગે દોરવાઈ જવાના. આમ આડે માર્ગે લઈ જનારી તમારી શ્રદ્ધા નથી હોતી, પણ ઉપર જણાવ્યું તેમ હોય છે. પોતે અણિશુદ્ધ હોવા છતાં શ્રદ્ધા સત્તામાં નિમ્ન પ્રવૃત્તિની સાથે સેળભેળ થઈ જઈ શકે, અને ત્યારે જ તમે ખોટે માર્ગે દોરવાઈ જતા હો છો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૧૬૬-૬૭)

સાધકે મનમાંથી નીકળી શ્રદ્ધાના પ્રદેશમાં પ્રવેશ કરવો જ જોઈએ

સલામત રીતે કાર્ય કરવા માટે માણસે મનમાંથી શ્રદ્ધાના અથવા ઉચ્ચતર ચેતનાના ક્ષેત્રમાં જવું જોઈએ. એ વાત તદ્દન સ્પષ્ટ છે કે શરીર પર કાર્ય કરવા માટે શ્રદ્ધા એક ખૂબ બળવાન સાધન છે. જે લોકો સરળ હૃદયના હોય છે. ખૂબ ગૂંચવાડાભરેલા મનવાળા નથી હોતા, જેમનામાં બહુ મહાન અને જટિલ માનસિક વિકાસ નથી હોતો પણ ખૂબ ઊંડી શ્રદ્ધા હોય છે તેમનામાં શરીર પર કાર્ય કરવાની મહાન શક્તિ હોય છે. તેથી કેટલાક માણસો કેટલીક વાર ખૂબ આશ્ચર્યચક્તિ બની જાય છે, કે *''આ એક મહાન સાક્ષાત્કારવાળો માણસ છે. અપવાદ રૂપ વ્યક્તિ છે. પણ તે સર્વ નાનામાં નાની ભૌતિક વસ્તુઓનો ગુલામ છે, જ્યારે આ માણસ તદ્દન સરળ છે. ખૂબ અણઘડ દેખાય છે, પણ તેનામાં ખૂબ શ્રદ્ધા છે અને મુશ્કેલીઓમાંથી તથા વિઘ્નોમાંથી તે વિજેતાની પેઠે પસાર થઈ જાય છે.''*

હું એમ નથી કહેતી કે ખૂબ સુસભ્ય માણસમાં શ્રદ્ધા ન હોઈ શકે, પણ તેમ હોવું વધારે કઠિન છે. કારણકે આ માનસિક તત્ત્વ હંમેશાં વિરોધ કરતું હોય છે, ચર્ચા ચલાવતું હોય છે. સમજવા માટે કોશિશ કરતું હોય છે. જેને ખાતરી કરી આપવી તે મુશ્કેલ હોય છે. જેને સાબિતીઓ જોઈતી હોય છે તેની શ્રદ્ધા ઓછી વિશુદ્ધ હોય છે. તેને ઉત્ક્રાન્તિની સીડીમાં વધારે ઊંચે જવાની જરૂર હોય છે. માનસિકમાંથી આધ્યાત્મિકમાં જવાનું હોય છે, પછી શ્રદ્ધામાં એક ખૂબ ઉચ્ચ પ્રકારનો ગુણ પેદા થાય છે. રોજિંદા સામાન્ય જીવનમાં ઉત્કટ શ્રદ્ધાવાળો, તદ્દન સરળ માણસ પોતાના શરીર ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે છે. પણ તે સાચા અર્થમાં પ્રભુત્વ નથી હોતું, તે માત્ર એક સ્વયંભૂ ગતિ હોય છે, તેને પોતાના શરીર પર કાબૂ હોય છે. જે વધારે ઉચ્ચતર વિકાસ પામેલા માણસના કાબૂ કરતાં ખૂબ ખૂબ વધારે મહાન હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૧૨૨-૨૩)

પોતાની નિશ્ચિંતતા પોતાની અંદર જ શોધી લો

શ્રી અરવિન્દે અનેક વાર કહ્યું છે કે જ્યાં સુધી મેં કહેલું સત્ય સિદ્ધ થયું નથી ત્યાં સુધી તેની કોઈ અખંડનીય સાબિતી આપી શકાવાની નથી. જ્યારે દરેક વસ્તુ સિદ્ધ થશે ત્યારે અત્યારે તે વસ્તુ ન માનનાર લોકોને તેમની ભૂલ સ્વીકારવાની ફરજ પડશે, પણ તેમ કરવા માટે તેઓ કદાચ જીવતા નહિ હોય ! એટલે એક જ વસ્તુ કરવાની રહે છે : શ્રદ્ધા. અને ખાતરી રાખીને પોતાને માર્ગે આગળ વધ્યે જવું તથા વિરોધોની અને ઇન્કારોની દરકાર ન કરવી.

કેટલાક લોકો એવો હોય છે કે જેમને ચેન મેળવવા માટે બીજાઓનો ટેકો, ખાતરી અને વિશ્વાસની જરૂર પડતી હોય છે. તેઓ દુઃખી હોય છે, કારણકે તેઓ હંમેશાં તેમનામાં ન માનનાર લોકોને મળતા હોય છે અને તેથી તેઓ વિક્ષિપ્ત બની જતા હોય છે, દુઃખી થઈ જતા હોય છે. માણસે પોતામાં જ ખાતરી પ્રાપ્ત કરી લેવી જોઈએ, ગમે તે આવી પડે પણ તે ખાતરી ટકાવી રાખવી જોઈએ અને ગમે તે કિંમત ચૂકવવી પડે પણ પોતાને માર્ગે આગળ ધપ્યે જવું જોઈએ, ધ્યેયને પ્રાપ્ત કરવું જોઈએ. ખૂબ ટકી રહી શકે તેવા લોકોને જ વિજય સાંપડે છે. બધા વિરોધો હોવા છતાં ટકી રહેવા માટે, આધાર હચમચી ન ઊઠે તેવો હોવો જોઈએ. **તેવો આધાર એક જ છે, પરમાત્માનો, પરમ સત્યનો.**

બીજા આધારની આશા રાખવી તે વ્યર્થ છે. આ એક જ એવો આધાર છે, કે જે કદી છેહ દેતો નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૨૩૭-૩૮)

***

શ્રદ્ધા છે કૃપાની ભેટ

શ્રદ્ધા એ ભગવાનની કૃપાએ આપણને આપેલી દેણ છે. તે સનાતન સત્ય પ્રત્યે દોરી જતું, ઓચિંતું ખુલી જતું દ્વાર છે, જેના દ્વારા આપણે સત્યને જોઈ શકીએ, તેનો સંસ્પર્શ પ્રાપ્ત કરી શકીએ.

જેમ દરેક વસ્તુમાં હોય છે તેમ, માનવજાતિના આરોહણમાં ખાસ કરીને શરૂઆતમાં અંગત પ્રયત્નની જરૂર છે. કેટલાક અપવાદરૂપ સંજોગોમાં, આપણી બુદ્ધિને બિલકુલ ન સમજાય તેવાં કારણોસર શ્રદ્ધા એકદમ ઓચિંતી, આપણે ન માગી હોય તો પણ, અનપેક્ષિત રીતે આવતી હોય છે. પણ ઘણી વાર તો, તે એક આરઝૂનો, જરૂરિયાતનો, અભીપ્સાનો, અસ્તિત્વમાં કોઈક તત્ત્વની શોધનો, ઉત્કંઠાનો પ્રત્યુત્તર હોય છે. જો કે તે ખૂબ સચેતન રીતે અને પદ્ધતિપૂર્વક આવતો હોતો નથી. તે ગમે તેમ હોય પણ જ્યારે શ્રદ્ધા આવે છે, જ્યારે સાધકમાં ઓચિંતો પ્રકાશ પ્રાપ્ત થાય છે ત્યારે તેને સક્રિય ચેતનામાં સતત સાચવી રાખવા માટે, અંગત પ્રયત્ન અનિવાર્ય હોય છે. માણસે પોતાની શ્રદ્ધાને પકડી રાખવી જોઈએ, સંકલ્પપૂર્વક તેને બોલાવવી જોઈએ, તેની ખોજ કરવી જોઈએ, કેળવવી જોઈએ, તેનું રક્ષણ કરવું જોઈએ.

માનવ મનમાં એક રોગિષ્ઠ, શોચનીય ટેવ હોય છે, અને તે શંકા કરવાની, દલીલ કરવાની,

નાસ્તિકતાની. ત્યાં જ માનવ પ્રયાસને મૂકી આપવાનો હોય છે. તે પ્રયાસ આ રીતનો હોવો જોઈએ, શંકાને, દલીલને, નાસ્તિકતાને સ્વીકારવાનો ઈન્કાર કરવો. તેમની વાતો ન સાંભળવી, તેમને ન અનુસરવું. શંકા અને નાસ્તિકતા સાથે માનસિક રીતે રમત કરવી તેના કરતાં બીજી કોઈ રમત વધારે જોખમકારક નથી. તે ત્રણ વસ્તુઓ માત્ર શત્રુઓ જ નથી, તેઓ ભયંકર પતનના ખાડાઓ છે. એકવાર માણસ તેમાં પડે, પછી તેને માટે બહાર નીકળવું એ ઘણું મુશ્કેલ બની જાય છે.

કેટલાક લોકો માને છે કે વિચારો સાથે રમત કરવી, તેમની ચર્ચા કરવી, તેમની શ્રદ્ધાનો અસ્વીકાર કરવો એ એક ખૂબ મહાન માનસિક સુંદરતા છે. તેઓ એમ માનતા હોય છે કે આથી અમે અમારું ખૂબ ચઢિયાતું વલણ પ્રાપ્ત કરીએ છીએ. આ રીતે અમે બતાવીએ છીએ કે અમે વહેમોથી અને અજ્ઞાનથી પર છીએ. પણ જો તમે શંકાનાં અને નાસ્તિકતાનાં સૂચનો સાંભળશો તો તમે ખૂબ સ્થૂલ અજ્ઞાનમાં ગબડી પડશો અને સાચા માર્ગથી દૂર ચાલ્યા જશો તો તમે ગૂંચવાડામાં પ્રવેશશો, ભૂલમાં, વિરોધોની ભુલભુલામણીમાં ફસાઈ જશો. તેમાંથી તમે બહાર આવી શકશો એમ તમે ખાતરીપૂર્વક નહિ કહી શકો. આંતર સત્યથી તમે એટલા બધા દૂર ચાલ્યા જશો કે તમને તે દેખાતું બંધ થઈ જશે. અને કેટલીક વાર તો તમારા આત્મા સાથેના શક્ય સંપર્કને પણ ગુમાવી દેશો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૩૨૧-૨૨)

***

શ્રદ્ધા અને વિશ્વાસ

પ્રશ્ન : જો કોઈને પ્રભુમાં શ્રદ્ધા હોય અને વિશ્વાસ પણ હોય તો શ્રદ્ધા અને વિશ્વાસ વચ્ચે કયો તફાવત છે ?

જવાબ : શ્રદ્ધા એ વધારે પૂર્ણ છે - એમ શ્રી અરવિન્દે લખ્યું છે — વિશ્વાસ કરતાં ઘણી વધારે સંપૂર્ણ. તમે જુઓ, તમને પ્રભુમાં વિશ્વાસ છે, એ અર્થમાં કે તમને ખાતરી છે કે તેના તરફથી જે કાંઈ આવે છે તે તમારા સારામાં સારા માટે છે. પ્રભુનો જે કંઈ નિર્ણય હોય, અને તે જે કોઈ સંજોગોમાં તમને મૂકે તે બધું તમારા સારામાં સારા માટે છે. આ વિશ્વાસ છે. પણ શ્રદ્ધા એ એક પ્રકારની પ્રભુના ખાસ અસ્તિત્વની ખાતરી — શ્રદ્ધા તમારા આખાયે સ્વરૂપને પકડી લે છે. તે ફક્ત મનોમય, ચૈતસિક કે પ્રાણમય નથી; તે તમારું આખું યે સ્વરૂપ છે, પૂરેપૂરું. તેને શ્રદ્ધા છે. શ્રદ્ધા સીધેસીધી અનુભૂતિમાં દોરી જાય છે.

(CWM 6 : 121)

***

એ કદી ન ભૂલશો કે તમે એકલા નથી. પ્રભુ તમારી સાથે છે અને તમને મદદ કરી રહેલા છે, દોરી રહેલા છે. એ એક એવો સાથી છે જે કદીયે તમારો સાથ તજતો નથી. એ એવો મિત્ર છે કે જેનો પ્રેમ આશ્વાસન આપે છે, બળ આપે છે.

(CWM 14 : 9) શ્રી માતાજી

શ્રદ્ધા શક્તિ સ્વરૂપે

સાચી જીવંત શ્રદ્ધાની શક્તિ

પ્રત્યેક પળે જગતમાંની સર્વ અદૃષ્ટ વસ્તુઓ, ન ધારેલી, ન જાણેલી વસ્તુઓ, અમારા સમક્ષ આવી રહેલી છે. પ્રત્યેક પળે વિશ્વ એના સમગ્ર રૂપમાં તથા તેના એકેએક અંશમાં નવું સર્જન પામી રહેલું છે. અને જો અમારામાં સાચી જીવંત શ્રદ્ધા હશે, જો અમારામાં તારી સર્વશક્તિમત્તાને વિશે તથા તારી અનન્ય વાસ્તવિકતાને વિશે સંપૂર્ણ નિશ્ચિતતા હશે, તો તારો આવિર્ભાવ પ્રત્યેક પળે એટલો તો દેખાઈ આવે તેવો બનશે કે સારુંયે વિશ્વ એક નવું રૂપ લેશે. પરંતુ અમે અમારી આસપાસ જે કાંઈ આવી રહેલું છે અને અમારા પહેલાં બની ગયેલું છે તેના એટલા તો દાસ બની ગયેલાં છીએ, અમે આવિર્ભાવ પામેલી વસ્તુઓના સારાયે સમૂહ દ્વારા એટલા બધા તો ઘડાઈ ચૂકેલાં છીએ અને અમારી શ્રદ્ધા એટલી તો દુર્બળ છે કે અમે રૂપાંતરના મહાન ચમત્કારમાં માધ્યમો બનવા માટે હજી અસમર્થ છીએ... પરંતુ, પ્રભુ હું જાણું છું કે આ વસ્તુ એક દિવસે બનવાની છે. હું જાણું છું કે એક દિવસ એવો આવશે કે જ્યારે અમારી પાસે જેઓ આવશે તે સર્વનું તું રૂપાંતર કરી દેશે; તું એમનું એવું તો સંપૂર્ણ રૂપાંતર કરી દેશે કે, ભૂતકાળનાં બંધનોમાંથી સંપૂર્ણ મુક્ત બનીને તેઓ તારી અંદર એક પૂરેપૂરું નવીન જીવન જીવતા થઈ જશે, કેવળ તારામાંથી જ બનેલું એવું જીવન, તું જેનો પરમ સ્વામી હશે તેવું જીવન જીવતા થઈ જશે. અને એ રીતે મુશ્કેલીઓ પ્રશાંતિમાં પલટાઈ જશે, સર્વ શંકાઓ નિશ્ચિતતા રૂપ થઈ જશે, સર્વ કુત્સિતતાઓ સંવાદિતાઓ બની જશે, સર્વ અહંકારો આત્મ-સમર્પણ બની જશે, સર્વ અંધકારો પ્રકાશ બની જશે અને સર્વ યાતનાઓ એક અવિચલ સુખ બની જશે.

પરંતુ આ ભવ્ય ચમત્કાર તું શું ક્યારનોયે સિદ્ધ નથી કરી રહ્યો ? એ ચમત્કારને હું અમારી આસપાસ સર્વત્ર ખીલી રહેલો જોઉં છું !

ઓહ ! પ્રેમ અને સૌન્દર્યના હે દિવ્ય નિયમ, હે પરમ મુક્તિદાત્રી, તારી શક્તિના માર્ગમાં એકે વિઘ્ન રહેલું નથી. તારા સતત થઈ રહેલા વિજયનું અમને બળવાન કરી આપે તેવું દર્શન કરવામાં અમને કેવળ અમારી અંધતા જ રોકી રહી છે.

મારું હૃદય પ્રસન્નતાનું એક ગીત ગાઈ રહ્યું છે અને મારું ચિત્ત આનંદથી પ્રકાશિત બની ગયું છે. તારો પરાત્પર, અદ્‌ભુત પ્રેમ જગતનો પરમ સ્વામી રહેલો છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : ૩૯થી ૪૧)

***

વિશુદ્ધ શ્રદ્ધા : સર્વશક્તિમાન અને અવિરોધ્ય

જો શ્રદ્ધા શુદ્ધ હોય તો તેનામાં શક્તિ હોય છે... તેની સામે કાંઈ પણ ટકી શકે નહિ. એટલે

કે જો કોઈ વ્યક્તિમાં પૂરેપૂરી શુદ્ધ શ્રદ્ધા હશે જે આ બધી વસ્તુઓથી બિલકુલ કલુષિત ન હોય, એક સાચી શ્રદ્ધા, આપણે એમ કહીએ કે કેવળ એકમાત્ર શ્રદ્ધા, તો કોઈ પણ વસ્તુ અશક્ય નથી. વ્યક્તિ રાતોરાત રૂપાંતર પામી શકે છે, તે એક ક્ષણમાં અતિમાનસને નીચે ઉતારી શકે છે, વ્યક્તિ ગમે તે... કરી શકે છે, પરંતુ તે શ્રદ્ધા વિશુદ્ધ હોવી જોઈએ, તેમાં અંગત પ્રત્યાઘાતો અથવા કોઈ પણ અંગત ઇચ્છા ન હોવાં જોઈએ.

એક વિશુદ્ધ શ્રદ્ધા એવી વસ્તુ છે જે સર્વ-શક્તિમાન અને અવિરોધ્ય હોય છે. માણસને એવી શ્રદ્ધાનો વારંવાર અનુભવ થતો નથી જે સર્વ શક્તિશાળી અને અવિરોધ્ય હોય. અને તે જ બતાવે છે કે એ પૂર્ણ શુદ્ધ નથી. પ્રશ્ન આ રીતે મૂકવો જોઈએઃ દાત. આપણા દરેકમાં શ્રદ્ધા છે, કોઈ વસ્તુમાં શ્રદ્ધા, એમ કહો કે આપણી અંદર રહેલી દિવ્ય પ્રભુની હાજરીમાં. જો આપણી આ શ્રદ્ધા શુદ્ધ હોય તો આપણે આપણી અંદર રહેલી પ્રભુની હાજરી વિશે સભાન હોઈએ. આ દૃષ્ટાંત સમજવું બહુ સહેલું છે. તમારામાં શ્રદ્ધા છે, તે ત્યાં રહેલી છે. પરંતુ તમને એની અનુભૂતિ થતી નથી. શા માટે ? કારણ કે તમારી શ્રદ્ધા વિશુદ્ધ નથી. જો તે શ્રદ્ધા સંપૂર્ણ શુદ્ધ હોત તો તે તાત્કાલિક બની આવી હોત. આ બિલકુલ સાચી વાત છે. એટલે જ્યારે તમે એ રીતે સભાન બનો કે તે વસ્તુનો સાક્ષાત્કાર થતો નથી તો તમે તમારી અંદર નજર કરો : ''શા માટે તે વસ્તુનો સાક્ષાત્કાર થતો નથી ? મારી શ્રદ્ધામાં એવી કઈ વસ્તુ છે ?'' અને જો તમે સચ્ચાઈપૂર્વક આ વસ્તુ ઉપર નજર રાખતા હો તો તમને જાણ થશે કે એવી ઘણી નાની નાની વસ્તુઓ છે — બહુ મોટી નહિ — આટલી મોટી — જે પ્રત્યાઘાત આપનારી હોય ! નાની નાની વસ્તુઓ. ઘણી વખત થોડું મિથ્યાભિમાન આવે છે અને પછી થોડી કામના — બહુ તીવ્ર નહિ, તે પોતાની જાતને બહુ ખુલ્લી કરે નહિ — તે તમારી કેટલી અગત્ય વધારશે, તમને જે સત્તા અને સંતોષ આપશે — વગેરે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : ૨૭૬)

***

ઈશ્વરમાં સાચો વિશ્વાસ કઈ રીતે મદદરૂપ છે

જેટલા પ્રમાણમાં તમે વધારે સ્થિર તેટલા તમે વધારે બળવાન થશો. સર્વ પ્રકારની આધ્યાત્મિક શક્તિનો દૃઢ પાયો સમતા છે. તમારે કશાથી પણ તમારી સમતાની ધારણાનો ભંગ થવા દેવો ન જોઈએ. કારણ કે એ પ્રમાણે સમતા જાળવી શકો તો હરેક પ્રકારના હુમલાનો તમે પ્રતિકાર કરી શકશો. વળી તમારામાં જો વિવેકશક્તિ પૂરતી ખીલી હશે અને વિરોધી સૂચના તમારામાં પ્રવેશ કરે તેની સાથે જ તમે તેને જોઈ શકતા થશો તો તેમને દૂર ધકેલી દેવાનું કાર્ય ઘણું સરળ થઈ પડશે. પરંતુ કેટલીક વાર એ સૂચનાઓ અજાણતાં જ, આપણી અચેતન અવસ્થામાં જ આપણામાં પ્રવેશ કરી જાય છે અને એવે વખતે તેમનો સામનો કરવો ભારે થઈ પડે છે. જ્યારે એ પ્રમાણે થાય ત્યારે તમારે શાંત થઈને બેસવું ઊર્ધ્વ ભૂમિકામાંથી શાંતિનું અને ગભીર, સ્થિર, આંતર અક્ષુબ્ધતાનું આવાહન કરવું. તમારી જાતને દૃઢ રાખો અને સહાયતા

માટે વિશ્વાસ તથા શ્રદ્ધાપૂર્વક પ્રભુને સાદ કરો. જો તમારી અભીપ્સા શુદ્ધ અને સ્થિર હશે તો તમને જરૂર સહાય મળશે.

વિરોધી શક્તિઓના હુમલા અનિવાર્ય છે. તમારે તેમને માર્ગમાં આવતી કસોટી તરીકે લેખીને હિંમતભેર તેમાંથી પસાર થવાનું છે. સંગ્રામ વિકટ પણ હોય, પરીક્ષા ઘણી કપરી પણ નીવડે, પરંતુ જ્યારે તમે તેને વટાવીને બહાર આવશો ત્યારે તમે કાંઈક મેળવ્યું હશે, તમે એક પગલું આગળ વધ્યા હશો. વિરોધી શક્તિઓની પણ સાધનામાં જરૂર છે. તેમને લીધે તમારો સંકલ્પ વધારે દૃઢ અને તમારી અભીપ્સા વધારે વિશુદ્ધ બને છે. પરંતુ એ પણ ખરું છે કે તમે તેમને કંઈક કારણ આપ્યું હોય છે માટે જ તેઓ ઉત્પન્ન થયેલી હોય છે. જ્યાં સુધી વિરોધી શક્તિઓને પ્રત્યુત્તર આપનાર એવો એક પણ ભાગ તમારી પોતાની પ્રકૃતિમાં રહેલો હશે ત્યાં સુધી એ શક્તિઓની દખલગીરી રહે એ તદ્દન સ્વાભાવિક છે. તમારી પ્રકૃતિમાંથી તેમને કશો પણ પ્રત્યુત્તર ન મળે, તમારી પ્રકૃતિના કોઈ પણ ભાગ ઉપર તેમનો કોઈ પણ પ્રકારનો કાબૂ ન હોય તો તેઓ જરૂર પાછી ફરી જશે અને તમારો કેડો મૂકી દેશે. ગમે તેમ પણ તમારી આધ્યાત્મિક પ્રગતિને તેઓ અટકાવે યા તો બાધા કરી જ શકે એમ બનવું જરૂરી નથી.

વિરોધી શક્તિઓ જોડેના યુદ્ધમાં પરાજય પામવાનો કોઈ એકમાત્ર ભય હોય તો તે ભગવાનની સહાયમાં સાચા વિશ્વાસની ખામીને લીધે ઊભો થાય છે. અભીપ્સાની સહૃદયતા હંમેશાં જરૂરી સહાયને ખેંચી લાવે છે. સ્થિરતા સહિત અને લાગણીપૂર્વક ભગવાનને સાદ કરવાથી તેમ જ સાક્ષાત્કાર પ્રત્યે આરોહણના કાર્યમાં તમે તદ્દન અસહાય અને અટૂલા નથી એવી ખાતરી રાખવાથી, તથા જ્યારે જરૂર હશે ત્યારે ભગવાનની સહાય અચૂક હાજર છે એવી શ્રદ્ધા વડે તમે સહેલાઈથી અને ખાતરીપૂર્વક વિજયને સર કરી શકશો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૩૭-૩૮)

***

દુઃખનો સામનો હિંમતપૂર્વક અને કૃપામાં શ્રદ્ધા રાખી કરો

સ્વાભાવિક રીતે આપણે આપણી જાતને પૂછીએ છીએ કે આ રહસ્ય શું છે કે જેના પ્રત્યે દુઃખ આપણને દોરી જાય છે. ઉપરચોટિયા અને અપૂર્ણ સમજવાળો માણસ એમ માની શકે કે જીવાત્મા દુઃખની ખોજ કરતો હોય છે. પણ તે વાત તદ્દન ખોટી છે. જીવાત્માનો સ્વભાવ જ દિવ્ય, સ્થિર, અપરિવર્તનશીલ, બિનશરતી, વિશાળ આનંદ છે. એ વાત સાચી છે કે જો માણસ હિંમતપૂર્વક, સહિષ્ણુતાપૂર્વક, ભગવાનની કૃપામાં અડગ શ્રદ્ધાપૂર્વક દુઃખનો સામનો કરી શકે; જો દુઃખથી છટકી જવાનો પ્રયત્ન કરવાને બદલે માણસ આ સંકલ્પ સાથે, આ અભીપ્સા સાથે તે દુઃખમાંથી પસાર થવાનો અને પ્રકાશમય સત્યને, સર્વ વસ્તુઓની અંદર રહેલા અવિકારી આનંદને શોધી કાઢવાનો પ્રયાસ કરે, તો સંતોષના દ્વાર કરતાં દુઃખનું દ્વાર ઘણીવાર સીધુંસટ અને વધારે નિકટનું બની જાય છે.

હું સુખોપભોગની વાત નથી કરતી, કારણકે સુખોપભોગ તો સતત અને પરિપૂર્ણ રીતે,

પોતાનું મુખ ગહન દિવ્ય આનંદ તરફથી ફેરવી લેતો હોય છે.

સુખોપભોગ એક છેતરામણો અને વિકૃત બુરખો છે, જે આપણને આપણા લક્ષ્યથી વિમુખ બનાવે છે. જો આપણે સત્યને શોધી કાઢવા માટે આતુર હોઈએ, તો આપણે સુખોપભોગની શોધમાં ન પડવું જોઈએ. સુખોપભોગ આપણને વરાળ-રૂપ બનાવી મૂકે છે, આપણને છેતરે છે, આપણને ગેરમાર્ગે દોરી જાય છે, દુઃખ આપણને ગહનતર સત્ય પ્રત્યે પાછા લાવે છે, કારણકે દુઃખ સહન કરવા આપણે શક્તિમાન બનીએ, આપણને કચડી નાંખતા દુઃખનો આપણે સામનો કરી શકીએ, તે માટે દુઃખ આપણને એકાગ્ર બનવા ફરજ પાડે છે. જો માણસ બળવાન હોય તો દુઃખમાં ખૂબ સહેલાઈથી પોતાના સાચા બળને ફરી પ્રાપ્ત કરી શકે છે. દુઃખમાં જ માણસ બહુ સહેલાઈથી ઊર્ધ્વમાં રહેલા, સર્વ દુઃખોથી પર રહેલા, કોઈક તત્ત્વમાં ફરી સાચી શ્રદ્ધા પ્રાપ્ત કરી શકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૪૧-૪૨)

***

ભયનો ઈલાજ

જો તમારામાં શ્રદ્ધા હશે અને તમે પ્રભુને સમર્પિત થઈ ચૂકેલા હશો તો તો તમારે માટે એક સરળ રસ્તો છે. તમારે એટલું જ કહેવાનું : **'હે પ્રભુ, તારો સંકલ્પ સિદ્ધ થાઓ. મને કશી વસ્તુ ભય પમાડી શકે તેમ નથી. કારણ, તું મને દોરી રહ્યો છું. હું તારો છું અને તું મારા જીવનને દોરી રહ્યો છે.'** એનું પરિણામ તરત જ આવે છે. સૌ કોઈ ઉપાયોમાં આ ઉપાય સૌથી વધુ અસરકારક છે. એનો અર્થ એ કે આપણે પૂર્ણપણે પ્રભુને સમર્પિત થઈ રહેવું જોઈએ. જો કોઈએ તેમ કર્યું હશે તો એ વસ્તુ તરત જ કાર્યકારી નીવડશે; એક સ્વપ્નની જેમ બધો ભય ભાગી જશે. પણ ભયની સાથે પેલી અશુભ અસર પેદા કરનારું સત્ત્વ પણ એક સ્વપ્નની જેમ ભાગી જાય છે. તમારે એને દોડતું-ભાગતું જતું જોવા જેવું છે....

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૨૧૭)

***

શરીરમાં રહેલી શ્રદ્ધા

દા.ત. શરીરમાં પણ જ્યારે કોઈ હલ્લા જેવું આવે છે, કોઈ અકસ્માત થાય, કોઈ માંદગી અંદર પ્રવેશ કરવા પ્રયત્ન કરે — કોઈક — શરીર પરનો હલ્લો, જે શરીરને સાહજિકતા પર રાખવામાં આવ્યું હોય તેને એક પ્રકારની ઉત્કટતા ઉત્પન્ન થાય, એક અભીપ્સા, એક સહજ સંકલ્પશક્તિ, જે મદદની માગણી કરે છે. પણ જ્યારે આ આખો બનાવ મન તરફ જાય છે ત્યારે તે વસ્તુઓનું એવું સ્વરૂપ બને છે, જેનાથી માણસો ટેવાયેલા હોય, બધું જ બગડી જાય છે, પરંતુ શક્તિને તે જે પ્રમાણે છે તે રીતે જ જોવામાં આવે, તો તેમાં કાંઈક ઓચિતું જાગ્રત થાય છે અને મદદ માટે બૂમ મારે છે. અને એટલી શ્રદ્ધાથી, એટલી તીવ્રતાથી, જેવી રીતે નાનું બાળક તેની માતાને બૂમ મારે - તમે જાણો છો — અથવા તો જે કોઈ ત્યાં હાજર હોય, જો

કે તે બોલી શકતું ન હોય, તો કોઈ કહેતું નથી. પણ જો શરીરને પોતાને એકલું રહેવા દેવામાં આવે, અને મનનું તેના ઉપર સતત ચાલતું કામ બંધ કરવામાં આવે.... તો તેમાં આ વસ્તુ છે. જરાક જેટલી પણ જ્યારે ગરબડ થાય કે તરત જ તે અભીપ્સા કરે છે, બૂમ મારે છે, મદદ માટે પ્રયત્ન કરે છે. અને આ તો ખૂબ શક્તિશાળી વસ્તુ છે. જો તેમાં કોઈ વચ્ચે પડે નહીં, તો તે ઘણું શક્તિશાળી છે. એ એવું છે કે જાણે કોષો પોતે જ અભીપ્સા માટે, બૂમ માટે ઉછાળા મારતા હોય.

શરીરમાં અમૂલ્ય અને અજ્ઞાન ખજાનાઓ છે. તેના દરેક કોષમાં, જીવનની, અભીપ્સાની પ્રગતિ માટેની સંકલ્પશક્તિની એક તીવ્રતા છે, જેને ઘણુંખરું માનવી સમજી શકતો નથી. શારીરિક ચેતનાને પૂરેપૂરી મનના અને પ્રાણના કાર્યથી ગૂંથી લેવી પડે છે. કારણ તે એકદમ સંકલ્પશક્તિથી પોતાનું સમતોલપણું મેળવી શકતી નથી. જ્યારે આ સંકલ્પશક્તિ ન હોય, ત્યારે તેનો અર્થ એ કે સમગ્ર શારીરિક ચેતના મન અને પ્રાણની ડખલગીરીથી બગડી ગઈ છે. જે લોકો પોતાના ગાંડપણને થોડા કે ઘણા અંશે પોતાના અર્ધજાગ્રત મનમાં એક પ્રકારની રોગિષ્ઠતા તરીકે સેવે છે, માંદલાપણું, એક બહાના નીચે જેમાં તેમને આનંદ આવે છે, ત્યારે તે તેમનું શરીર બિલકુલ નથી — બિચારું શરીર — તેના ઉપર તો તેમણે પ્રાણિક અને માનસિક વિકૃતિ લાદેલી છે. જો શરીરને એકલું છોડી દેવામાં આવે, તો તે અદ્ભુત વસ્તુ છે. કારણ કે તે સમતુલા અને તંદુરસ્તી માટે અભીપ્સા કરે છે, એટલું જ નહીં પરંતુ ફરી પાછી સમતુલા પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવે છે. જો વ્યક્તિ પોતાના શરીરને એકલું જ છોડી દે અને આ બધા વિચારો, આ પ્રાણના પ્રત્યાઘાતો, આ બધી નિરાશાઓ અને ઉપરાંત આ બધું કહેવાતું જ્ઞાન અને માનસિક રચનાઓ અને ભીતિઓને વચ્ચે પડવા ન દે, — અને શરીરને એકલું જ છોડી દે, તો પોતાને ફરીથી સારું કરવા માટે જે કાંઈ જરૂરી હોય તે બધું જ સહજ રીતે કરી લેશે.

શરીરને કુદરતી સ્થિતિમાં સમતુલા પસંદ છે, સંવાદિતતા પસંદ છે, સ્વરૂપના બીજા ભાગો છે જે બધું બગાડી નાખે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૧૩૬-૩૭)

***

રક્ષણાત્મક તાવીજમાં શ્રદ્ધા

પ્રશ્ન : જ્યારે અમારી પાસે તમારી છબી વાળી વીંટી અથવા કોઈ આભૂષણ હોય, તો તે અમને રક્ષણ આપે છે ?

તમે તેને વિશે જે રીતે વિચારો તેના ઉપર તેનો આધાર છે. હું તમને મારા હાથે કાંઈક આપું છું. તેમાં હું કાંઈક મૂકું છું. પરંતુ જો તે તમારી પસંદગીની વસ્તુ હોય, વીંટી કે ચિત્ર, કોઈક વસ્તુ, અને તમે તેને પહેરો છો.... જો તમને શ્રદ્ધા હોય, વિશ્વાસ હોય કે તે તમારું રક્ષણ કરે છે તો તે રક્ષણ કરે છે. જ્યારે હું આપું છું ત્યારે તે વસ્તુ સિવાય બીજી કોઈ જુદી જ વસ્તુ આપું છું; જો આ વસ્તુ હું તેમાં મૂકું તો તે તેને સમાવી શકે છે. પરંતુ હું જો ન મૂકું તો તે તેમાં હોતી નથી. શ્રી અરવિન્દ કહેતા, તમે જાણો છો કે તેમની છબીવાળી વીંટી પહેરવી અને

એમ વિચારવું કે તે તમારું રક્ષણ કરે છે એ વહેમ છે ! તેઓ એમ કહેતા કે તે વહેમ છે ! એટલે કે તમે તેના વિશે કઈ રીતે વિચારો છો એના ઉપર આધાર છે. જો તમને તેમણે વીંટી આપીને કહ્યું હોય, ''આ પહેર અને મારી શક્તિ તારી સાથે જ રહેશે'', તો તે સાવ જુદી જ બાબત થઈ; તેમાં અતિશય તફાવત છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૨૨૬)

***

દરમિયાનગીરી માટેની પ્રાર્થનામાં શ્રદ્ધા

એક તદ્દન સ્વયંભૂ અને નિઃસ્વાર્થ – ભાવપૂર્વકની, એક પ્રકારના આવાહન સરખી પ્રાર્થના પણ હોઈ શકે છે. ઘણું ખરું એ વ્યક્તિની પોતાની જાત માટે હોતી નથી; પરંતુ તે એક એવી વસ્તુ હોય છે જેને આપણે પ્રભુ સાથેના સીધેસીધા સંપર્ક જેવી કહી શકીએ. એવી પ્રાર્થના અત્યંત શક્તિશાળી હોય છે. આ પ્રકારની પ્રાર્થનાનાં લગભગ તત્કાળ પરિણામ આવ્યાં હોય એવા અસંખ્ય દાખલાઓ મારી જાણમાં છે. એવી પ્રાર્થનામાં એક મહાન શ્રદ્ધા, એક મહાન આર્તભાવ, ઊંડી સત્યનિષ્ઠા અને હૃદયની સરળતા પણ અંતર્ગત હોય છે. એ એક એવી વસ્તુ હોય છે જે કશાની ગણતરી માંડતી નથી, કોઈ યોજના ઘડતી નથી, ભાવ કરવા બેસતી નથી, કોઈ વસ્તુ પોતાને પ્રાપ્ત થાય તેનો ખ્યાલ પણ કર્યા વિના આપ્યે જાય છે. કારણ કે મોટા ભાગના માણસો એક હાથે આપે છે અને બદલામાં કોઈ બીજી વસ્તુ લેવા માટે બીજો હાથ લાંબો કરે છે. મોટા ભાગની પ્રાર્થનાઓ આ પ્રકારની હોય છે. પરંતુ બીજા પ્રકારની પ્રાર્થનાઓ, મેં આગળ વર્ણવી તેવી હોય છે, આભારદર્શનનાં સ્તવનો જેવી હોય છે, એ પ્રાર્થનાઓ ઉચ્ચ કક્ષાની હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૨૪૪-૪૫)

***

નૈતિક પરિસ્થિતિ વધુ અગત્યની

કેટલાક એવા સાધુઓ હોય છે જેઓ સંતપણાને કારણે ગંદકીભરી પરિસ્થિતિનો સ્વીકાર કરતા હોય છે. તેઓ કદી નાહતા નથી, એમનામાં એવું કશું નથી હોતું જેની આરોગ્યશાસ્ત્ર અપેક્ષા રાખે. એ લોકો સાચે જ ગંદી રીતે રહે છે – અને એ લોકો સર્વ રોગથી મુક્ત હોય છે – કદાચ એ લોકોમાં શ્રદ્ધા હોય છે અને એ લોકો એ બધું હેતુપૂર્વક કરતા હોય છે. એમનો દોરદમામ અદ્ભુત હોય છે.... હું એમાંના સત્યનિષ્ઠ લોકોની વાત કરું છું, ઢોંગી લોકોની નહિ. એ લોકોમાં શ્રદ્ધા હોય છે. એ લોકો પોતાના દેહનો વિચાર કરતા નથી, એ લોકો પોતાના જીવન અને આત્માનો જ વિચાર કરે છે. એમનામાં માંદગી હોતી નથી. એમાંના કેટલાક તો એવા હોય છે કે તેમની ત્યાગ-પ્રધાન સાધનામાં તેમના હાથ કે પગને અમુક જ અવસ્થામાં રાખવાને કારણે તે ભાગ તદ્દન લાગણીશૂન્ય બની ગયો હોય. એ લોકો પછી હલનચલન કરી શકતા નથી. એવી અવસ્થામાં બીજા કોઈનું તો મરણ જ થાય; પણ એ લોકો

જીવતા રહે છે. કારણ કે એમનામાં શ્રદ્ધા હોય છે અને એ લોકો જે કરે છે તે હેતુપૂર્વક કરે છે; કારણ કે એમ કરવાનું એ લોકોએ વ્રત લીધું હોય છે.

એટલે ભૌતિક અવસ્થા કરતાં નૈતિક અવસ્થાની અગત્ય વધુ છે. તમે એવા વાતાવરણમાં રહેવાને ટેવાયેલા હો, જ્યાં તમે સાફસૂફ રહેતા હો અને પછી તમે ત્રણ દિવસ સુધી સ્નાન ન કરો તો તમે માંદા જ પડી જાઓ. હું એમ નથી કહેતી કે તમારે સ્નાન જ ન કરવું ! કારણ કે આપણે સાધુઓ નથી થવું, આપણે યોગીઓ બનવું છે. અને એ બંને એક જ વસ્તુ નથી. અને આપણે તો આપણું શરીર પણ યોગમાં ભાગ લે તેવું ઇચ્છીએ છીએ. એટલે શરીર યોગ અવસ્થામાં રહે તે માટે જે કાંઈ જરૂરી હોય તે કરવું જોઈએ. આમ છતાં, મારું કહેવાનું એ છે કે ભૌતિક પરિસ્થિતિ કરતાં નૈતિક પરિસ્થિતિ વધુ અગત્યની છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૨૭૩-૭૪)

***

ઈશ્વરીય શક્તિને ગ્રહણ કરવાની અક્ષમતા

તમને કહેવામાં આવે છે કે, **'શ્રદ્ધા રાખો, શુભ ભાવના રાખો અને તમને રક્ષણ આપવામાં આવશે.'** પણ ખરી વાત તો એ છે કે તમને સતત પેલી ચેતનાની અંદર, પેલી શક્તિ અને રક્ષણની અંદર જ તરબોળ રાખવામાં આવે છે. પણ તમે જેટલા ખુલ્લા હો છો, તેટલા તેટલા પ્રમાણમાં જ આ વસ્તુઓને ઝીલી શકો છો અને એ વસ્તુઓની મદદથી તમે તમારું આરોગ્ય જાળવી શકો છો, તમારી અંદર ઊભી થતી નાની નાની અડચણોને મારી હઠાવી શકો છો. બધું જ વ્યવસ્થિત કરી દઈ શકો છો. તમારી સમતુલાનો ભંગ કરવાને તમારા ઉપર ધસી આવતા નાના નાના હુમલાઓ તેમ જ અકસ્માતો સામે તમારું રક્ષણ કરી શકો છો. પરંતુ તમારી અંદરનો, તમારા શરીર, પ્રાણ કે મનમાંનો કોઈ એક ભાગ કે વધુ ભાગ કે વધુ ભાગો જો આ ઉપરથી આવતી શક્તિને ઝીલવા માટે સશક્ત નહિ હોય તો તે ભાગ યંત્રની અંદર આવી જતા એક રેતીના કણની માફક કામ કરવા લાગશે. તમે કોઈ સુંદર યંત્રને સરસ રીતે સંપૂર્ણ રીતે, ચાલતું જોયું હોય છે અને પછી તમે એમાં એક ચપટી જેટલી રેતી નાખો છો (વધુ કાંઈ નહિ, કેવળ રેતીનો એક કણ માત્ર) અને અચાનક બધું બગડી જાય છે અને યંત્ર અટકી પડે છે. એ જ રીતે, તમારામાં પણ કોઈ સ્થળે જો આ ગ્રહણશીલતા નહિ હોય, તમારામાં કશું પણ તત્ત્વ આ શક્તિને ઝીલવા માટે તેમ જ ટકાવી રાખવા માટે જો અશક્ત હશે, તમારામાં કશીક વસ્તુ જો બિલકુલ બંધ પડી હશે (તમે જ્યારે એના પ્રત્યે નજર કરો છો ત્યારે તે તમારામાં ક્યાંક એ રીતના નાનકડા કાળા ટપકા જેવી રહી હશે, એ વસ્તુ એક નાનકડા કઠણ કાંકરા જેવી હશે : પેલી શક્તિ એમાં પ્રવેશ કરી શકશે નહિ. એ પેલી શક્તિને ઝીલવાની ના પાડે છે — કાં તો એ ઝીલી શકતી નથી કે ઝીલવા માગતી નથી) અને એ વસ્તુ તત્કાળ તમારામાં એક મોટી અસમતુલા ઊભી કરી દે છે અને પેલી વસ્તુ જે ઊર્ધ્વ પ્રત્યે આરોહણ કરી રહી હોય છે, જે અદ્‌ભુત રીતે વિકસી રહી હોય છે, તે અચાનક પોતાને માંદી પડી ગયેલી અનુભવે છે. અને

કેટલીક વાર જ્યારે તમે સ્વાભાવિક સમતુલાની અવસ્થામાં હો છો, તમારું આરોગ્ય સારું હોય છે, બધું યોગ્ય રીતે ચાલતું હોય છે, જ્યારે તમારે ફરિયાદ કરવાનું કોઈ કારણ નથી હોતું, ત્યારે આમ બની શકે છે. એક દિવસ જ્યારે તમે એક નૂતન વિચારને ગ્રહણ કર્યો હોય છે, જ્યારે તમને એક નૂતન પ્રેરણા મળી હોય છે ત્યારે તમારામાં એક તીવ્ર અભીપ્સા ઉત્પન્ન થઈ હોય છે અને તમે એક મહાન શક્તિ ઝીલી હોય છે અને તમને કોઈ ચમત્કારપૂર્ણ અનુભૂતિ થયેલી હોય છે. એક સુંદર અનુભૂતિ જે અંતરનાં દ્વાર ખોલી નાખે છે અને તમને એવું જ્ઞાન પ્રાપ્ત કરી આપે છે કે જે આ અગાઉ તમને કદી ન મળ્યું હોય. ત્યારે તમને ખાતરી હોય છે કે સર્વ કાંઈ બરાબર ચાલે છે.... બીજે દિવસે તમે માંદા પડી ગયા હો છો. એટલે પછી તમે કહો છો : 'હજી એ વસ્તુ ત્યાં છે ? આ તો અશક્ય વસ્તુ છે ! આમ ન જ બનવું જોઈએ.' પરંતુ એમાં હું હમણાં જેની વાત કરી ગઈ તે જ વસ્તુ હોય છે : રેતીનો એક કણ, એવી કોઈ વસ્તુ કે જે પેલી શક્તિને ઝીલી શકતી નથી અને એ તત્કાળ એક અસમતુલા ઊભી કરી દે છે. કેવળ એક ઘણી નાની વસ્તુ આ માટે પૂરતી છે, અને તમે માંદા પડી જાઓ છો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૨૮૧-૮૨)

***

શ્રદ્ધા અને સાજા થઈ જવું

શ્રદ્ધાની પાછળ શું સત્ત્વ છે અને વિશ્વાસની પાછળ કયું તત્ત્વ છે તે તમારે જાણી લેવું જોઈએ. કારણ કે, દાખલા તરીકે, તમે જો એક સામાન્ય જીવન ગાળતા હો છો, તદ્દન સામાન્ય અવસ્થાની અંદર રહીને — કોઈ વધુ પડતા તરંગો કે પાછા પાડી દે તેવી કેળવણી તમને આપવામાં ન આવી હોય — તો તમારી આખી જુવાની દરમ્યાન, ત્રીસ વર્ષ સુધી તમારામાં જીવન પ્રત્યે એક પૂર્ણ વિશ્વાસ હોય છે. દાખલા તરીકે, તમને જરા માથામાં શરદી થઈ આવી હોય ત્યારે તમારી આસપાસના લોકો ચિંતાતુર થઈને ડૉક્ટર પાસે દોડી જાય અને તમને દવાઓ પીવડાવે તેવા ન હોય, જો તમે સ્વાભાવિક વાતાવરણમાં હો અને જો તમને કાંઈ થાય — કોઈ આકસ્મિક ઘટના બને અથવા જરાક અસ્વસ્થતા વર્તાય — ત્યારે તમારા દેહમાં એવી નિશ્ચિતતાની લાગણી હોય છે, એવો દૃઢ વિશ્વાસ હોય છે કે એ તો સારું થઈ જશે : 'એમાં કાંઈ નથી, એ તો મટી જશે, એ જરૂર મટી જશે. કાલે કે થોડાક દિવસોમાં હું સાજો નરવો થઈ જઈશ.' આવું હશે ત્યારે તમને ગમે તે થયું હશે તો પણ તમે સાજા થઈ જશો. ખરે જ, શરીર એ એક સ્વાભાવિક અવસ્થા છે. એનામાં એક એવી નિર્ભેળ શ્રદ્ધા હોય છે કે પોતાની સામે આખી જિંદગી પડી છે અને બધું હેમખેમ પાર પડવાનું છે. આવી શ્રદ્ધા બહુ ફાયદાકારક નીવડે છે. તમે દસમાંથી નવ પ્રસંગે સાજા થઈ જાઓ છો અને પોતાની અંદરના આ વિશ્વાસને લઈને તમે ખૂબ જલદી સાજા થઈ જાઓ છો : 'એમાં કાંઈ નથી, આખરે એમાં શું થઈ ગયું છે ? એક અકસ્માત નડ્યો છે, એ તો જતો રહેશે, એમાં કાંઈ નથી.' અને એવા ઘણા લોકો હોય છે જેઓ આવો વિશ્વાસ લાંબો વખત જાળવી રાખે છે, ઘણો લાંબો સમય, એમાં એક જાતનો

આત્મવિશ્વાસ હોય છે — એમને કાંઈ થઈ શકતું નથી. એમની સમક્ષ આખેઆખી જિંદગી પૂરેપૂરી પડેલી હોય છે અને એમને કશું થતું નથી. અને એમને જે કાંઈ થવાનું હોય છે તેની કશી અગત્ય નથી હોતી : કુદરતી રીતે બધું બરાબર થઈ રહે છે; આખું જીવન તેમની આગળ પડ્યું હોય છે. પરંતુ એ ખરું કે જો તમે એવા વાતાવરણમાં રહેતા હો કે જ્યાં લોકો રોગિષ્ઠ ખ્યાલો ધરાવતા હોય અને જેઓ તમને ભયંકર અને આપત્તિકારક વસ્તુઓની વાતો કરવામાં તેમનો સમય પસાર કરતા હોય, તો તમારા વિચારો ખોટી રીતના હોઈ શકે છે. અને જો તમે ખોટી રીતના વિચારો કરો છો તો એની તમારા શરીર ઉપર અસર પડે છે. નહિ તો, શરીર જેવું હોય છે તેવું ને તેવું, ચાળીસ-પચાસ વર્ષ સુધી તો નભી રહે છે; એનો આધાર વ્યક્તિ ઉપર રહે છે : જેમ કે જે લોકો એક સંતુલિત અને સાહજિક જીવન કેવી રીતે ગાળવું તે જાણતા હોય તેના ઉપર. પરંતુ શરીરને પોતાને જીવન ઉપર પૂર્ણ શ્રદ્ધા હોય છે. એ તો જ્યારે એમાં વિચારશકિત ડખલ ઊભી કરે અને મેં જેમ કહ્યું તેમ સર્વ પ્રકારની રોગિષ્ઠ અને બિનતંદુરસ્ત કલ્પનાઓ લઈ આવે ત્યારે પછી સર્વ કાંઈ બદલાઈ જાય છે. મેં એ જાતના કિસ્સાઓ જોયેલા છે, મેં એવા કિસ્સાઓ જોયા છે જેમાં જ્યારે બાળકો દોડતાં કે રમતાં હોય છે ત્યારે જેવા નજીવા અકસ્માતો થાય છે તે જોયા છે : એ લોકો એમના વિશે કશો વિચાર જ કરતા નહિ. અને એ વસ્તુ તરત જ અદૃશ્ય થઈ જતી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૪૨૦-૨૨)

***

સક્રિય શ્રદ્ધા

હવે, તમે 'સક્રિય શ્રદ્ધા' વિશે પૂછો છો. સક્રિય શ્રદ્ધા એ એક અલગ વસ્તુ છે. જો તમારામાં પ્રભુકૃપા ઉપર શ્રદ્ધા હોય, એવી શ્રદ્ધા હોય કે પ્રભુની કૃપા તમારી ઉપર નજર રાખી રહેલી છે અને ગમે તે થશે તો પણ પ્રભુકૃપા તો હાજર છે જ, તમારી ઉપર એની નજર છે જ, — એ વસ્તુ તમે તમારી આખી જિંદગી સુધી અને હંમેશાં રાખી શકો છો; એને લઈને તમે સર્વ પ્રકારના ભયમાંથી પસાર થઈ શકો છો, સર્વે મુશ્કેલીઓનો સામનો કરી શકો છો અને અવિચલિત રહો છો, કારણ કે તમારામાં વિશ્વાસ હોય છે અને પ્રભુકૃપા તમારી સાથે હોય છે. એ એક અનંતગુણ બળવાન, વધુ સચેતન, અને વધુ ટકાઉ શક્તિ હોય છે, એનો આધાર તમારા દેહના બંધારણ ઉપર નથી હોતો, એનો આધાર પ્રભુકૃપા સિવાય બીજા કશા ઉપર નથી હોતો, એ સત્ય ઉપર જ આધાર રાખે છે એટલે એને કોઈ વસ્તુ ચલિત કરી શકતી નથી. એ વસ્તુ અનોખી છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૪૨૨)

***

''હરેક સંજોગોમાં તમારા ગુરુને વફાદાર રહેજો, એ ગુરુ પછી ભલે ગમે તેવા હો. એ ગુરુ તમારામાં જેટલે સુધી જવાની શક્તિ હશે ત્યાં સુધી તમને લઈ જશે અને તમારે સદ્‌ભાગ્યે જો તમને પ્રભુ પોતે જ ગુરુ તરીકે મળ્યા હશે તો તો પછી તમારા સાક્ષાત્કારને કશી સીમા જ નહિ રહેશે.''

(શ્રી માતૃવાણી ૧૨ : ૮૦) શ્રી માતાજી

શ્રદ્ધાનો પુલ બાંધવો

જગતનું અસ્તિત્વ ઈશ્વર છે એ પુરવાર કરવા પૂરતું છે

વ્યક્તિ અમુક પ્રકારની પૂર્ણતાની, પોતાની જાતને અતિક્રમી જવાની, પોતે જે છે તેના કરતાં કંઈક ઉચ્ચ વસ્તુની અભીપ્સા સેવે છે. વ્યક્તિ જો માનવકલ્યાણવાદી હોય તો માન વજાતિ વધુ સારી (ઓછી દુઃખી) બની રહે એવી અનેક રીતની અભીપ્સા સેવે છે. અને એમ કરવા માટે વ્યક્તિ યોગનું આચરણ કરી શકે છે; પરંતુ એ વસ્તુ વિશ્વાસ રાખવા સમાન નથી. વિશ્વાસ રાખવો એટલે એવી શ્રદ્ધા ધરાવવી કે ઈશ્વર વગર જગતનું અસ્તિત્વ જ ન હોઈ શકે. આ જગતનું અસ્તિત્વ જ એ પુરવાર કરે છે કે ઈશ્વર છે. અને માત્ર 'માન્યતા' નહિ.... : શ્રદ્ધા. એવી શ્રદ્ધા જે જીવંત જ્ઞાન રૂપ હોય છે, મેળવેલું જ્ઞાન નહિ. .... ઈશ્વર વગર જગત નથી. અને આ એટલું તો સ્પષ્ટ છે, તમે જુઓ, વ્યક્તિને એવી છાપ હોય છે કે આનાથી વિરુદ્ધનો વિચાર કરવા માટે વ્યક્તિએ જડ હોવું જોઈએ, મૂર્ખ હોવું જોઈએ. અને આ 'ઈશ્વર' એટલે કોઈ 'હેતુ' કે 'ધ્યેય' કે 'અંત' રૂપે નહિ, એવું બિલકુલ નહિ : જગત જેવું છે તે જ ઈશ્વરનું અસ્તિત્વ પુરવાર કરે છે....

મારે માટે તો એના કરતાં પણ એ વધુ દૃઢ છે. હું ગુલાબ પ્રતિ દૃષ્ટિ કરું છું, ગુલાબ — એવું પુષ્પ જે સહજ સૌન્દર્યની એકાગ્રતાને પોતાની અંદર સમાવે છે — માનવસર્જિત નહિ — સહજ, પાંગરવું, ઈશ્વરનું અસ્તિત્વ છે એ વાતથી નિશ્ચિંત થવા માટે વ્યક્તિએ ગુલાબનું પુષ્પ જોવું જોઈએ. એ છે નિશ્ચિંતતા. વિશ્વાસ ન રાખવો એ પછી અશક્ય બની રહે છે.... મારે માટે અસ્તિત્વ એ એક નિર્વિવાદ પુરાવો છે કે..... અસ્તિત્વમાં That (**તે**) સિવાય અન્ય કંઈ છે જ નહિ — **તે** — એવું કંઈક જેનું નામ આપી શકાય નહિ, જેની વ્યાખ્યા કરી શકાય નહિ, જેનું વર્ણન થઈ શકે નહિ; પરંતુ એવું કંઈક, જેનો આપણે અનુભવ કરી શકીએ. અને વધુને વધુ માત્રામાં 'તે' બની રહીએ. (CWM 16 : 341-42)

***

મહત્ત્વાકાંક્ષા વડે કલુષિત શ્રદ્ધા

પ્રશ્ન : માતાજી, ''અહં-પ્રધાન શ્રદ્ધા.... મહત્ત્વાકાંક્ષાથી કલુષિત'' એનો શો અર્થ ?

હા, દા.ત. જો કોઈને પોતાને ઘણા મહત્ત્વના બનવાની ઈચ્છા હોય, એક ઉચ્ચ જગા મેળવવા માટે, અથવા પોતાની આજુબાજુના માણસોનું આકર્ષણ કરે તેવા એક મોટા સાધક બનવું હોય, એક મહાન સંન્યાસી, એક મહાન યોગી વગેરે, તેને મહત્ત્વાકાંક્ષાથી ભરેલી શ્રદ્ધાવાળો માણસ કહેવાય. તમને શ્રદ્ધા છે કે આ વસ્તુ બનશે, તમને પ્રભુમાં શ્રદ્ધા છે, પરંતુ તે તમારી અંદર મિથ્યાભિમાન માટે છે; અને પછી આ વસ્તુ શુદ્ધ સચ્ચાઈવાળી અને સાચી

રહેતી નથી. તે એક એવી વસ્તુ છે જે ફક્ત તમારા અંગત લાભ માટે જ છે. એ સ્વાભાવિક છે કે આમાં આત્મત્યાગનો પ્રશ્ન જ નથી. એમાં તો જેટલી શક્તિઓનો તમે સંગ્રહ કરી શકો એટલો સંગ્રહ કરવાનો જ હેતુ છે, એટલે કે તે સાચી ગતિથી બિલકુલ વિરુદ્ધ છે. માણસ વિચારે તેના કરતાં આવું વધારે વખત બને છે – આ મહત્ત્વાકાંક્ષાની ગતિ તમારા સ્વરૂપના ઊંડાણમાં ઘણી વખત ગુપ્ત હોય છે અને તમને પાછળથી ધકેલે છે – તે તમને ચાબુક મારે છે, જેથી તમે આગળ ઊપડો. તે એક પ્રકારનો અવગુંઠિત દર્પ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૨૩૦)

***

એવી શ્રદ્ધા કે જે કંઈ બને છે તે શ્રેષ્ઠ જ હોય છે

આપણે આ ક્ષણ પૂરતું તેના વિશે એમ ન વિચારીએ કે તે સૌથી કલ્યાણકારી હશે, કારણ કે આપણે અજ્ઞાની અને અંધ છીએ, કારણ કે આપણે વસ્તુઓનાં પરિણામોને અનુભવી શકતા નથી તેમ જ પછીથી શું બનશે તે જાણતા નથી. પરંતુ આપણે શ્રદ્ધા રાખવી પડશે કે જો તે પ્રમાણે હોય, જો આપણે પ્રભુ ઉપર આધાર રાખીએ, જો આપણે આપણી જાતનો હવાલો પ્રભુને સોંપી દઈએ, જો આપણે તેને આપણી બધી જ વસ્તુઓ માટે નિર્ણય લેવા દઈએ, તો પછી આપણે જાણવું જોઈએ કે જે કાંઈ વસ્તુ બને છે તે આપણા ઉત્તમ શ્રેય માટે જ છે. આ એક સંપૂર્ણ હકીકત છે. જેટલા પ્રમાણમાં તમારું સમર્પણ હશે તેટલા પ્રમાણમાં સૌથી ઉત્તમ તમારી સાથે બનશે. તમને જે પસંદ હોય, તમારી પોતાની પસંદગી અથવા કામના અનુસાર આ વસ્તુ કદાચ ન હોય, કારણ કે આ વસ્તુઓ અંધ છે, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી તમારી પ્રગતિ માટે, તમારા વિકાસ માટે, તમારા આધ્યાત્મિક વિકાસ માટે, તમારા સાચા જીવન માટે તે શ્રેષ્ઠ હોય છે. તે કાયમ તે પ્રમાણે જ હોય છે. અને તમારે આ શ્રદ્ધા ટકાવી રાખવી જોઈએ, કારણ કે શ્રદ્ધા એ પ્રભુમાં રહેલા વિશ્વાસની અભિવ્યક્તિ છે, તેમ જ પ્રભુની પ્રત્યે સંપૂર્ણ આત્મસમર્પણની – અને જ્યારે તમે તે તમારી અંદર સ્થાપન કરી શકો ત્યારે એક પૂરેપૂરી અદ્‌ભુત વસ્તુ બની રહે છે. એ હકીકત છે. આ ફક્ત શબ્દો નથી, તમે સમજો છો, તે હકીકત છે. તમે જ્યારે પાછળ નજર કરો, જ્યારે બધા પ્રકારની વસ્તુઓ તમારી સાથે બનેલી અને તમને તે વખતે ખબર પડી ન હતી ત્યારે તમને ખાતરી થાય છે કે તે વસ્તુ પૂર્ણ ન્યાયી હતી, તમારી જરૂરી પ્રગતિ કરવા માટે તમને ફરજ પાડવી જરૂરી હતી. કાયમ, કોઈ પણ જાતના અપવાદ સિવાય આપણી અંધતા તેને જોવામાંથી આપણને અટકાવે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૨૩૯-૪૦)

***



આત્મવિશ્વાસયુક્ત હાસ્ય તેમ જ ઈશ્વરમાં શ્રદ્ધા એ અત્યંત વિનાશકારી બળ છે. શત્રુની આગલી હરોળને તે ભાંગી નાખે છે, શત્રુના સૈન્યમાં હાહાકાર મચાવી દે છે અને તમને વિજયીની અદાથી આગળ લઈ જાય છે.

(CWM 3 : 139) શ્રી માતાજી

હંમેશાં શ્રદ્ધાવાન બની રહો

પ્રશ્ન : ''પોતાની ભૂલોનું અને ખોટી ગતિઓનું કાયમ નિરીક્ષણ કરવાથી વિષાદ આવે છે અને શ્રદ્ધાને નિરુત્સાહી કરે છે'', કઈ રીતે તે શ્રદ્ધામાં નિરુત્સાહ લાવે છે ?

અહીં જે શ્રદ્ધાની વાત કરી છે તે પ્રભુની કૃપામાં રહેલી શ્રદ્ધા વિશે છે. અને પોતે હાથ પર લીધેલા કાર્યની અંતિમ સફળતામાં. તમે યોગની શરૂઆત કરી છે અને તમને શ્રદ્ધા છે કે તમે યોગના અંત સુધી પહોંચી જશો. પરંતુ જે તમારી પ્રગતિમાં રૂકાવટ કરે તે બધાંનું નિરીક્ષણ કરવામાં તમે તમારો સમય પસાર કરો તો પછી તમે છેવટે કહેશો, ''આહ, હું કદી સફળ થ ઈશ નહિ ! તે શક્ય નથી. જો આ રીતે ચાલ્યા કરશે તો હું ત્યાં કદી પહોંચી શકીશ નહીં.'' એટલે આમાં વ્યક્તિ પોતાની શ્રદ્ધા ગુમાવી બેસે છે. વ્યક્તિએ એવી શ્રદ્ધા રાખવી જ જોઈએ, 'હું ચોક્કસ સફળ થઈશ.'

ઘણા માણસો શરૂઆત કરે છે અને થોડા સમય પછી આવીને તમને કહે છે, ''ઓહ, હું કદી આ પાર કરી શકીશ નહીં. મારે ઘણી બધી મુશ્કેલીઓ છે.'' આનો અર્થ કે શ્રદ્ધા નથી. જો કોઈએ શરૂઆત કરી હોય તો તે શ્રદ્ધા સાથે શરૂઆત કરે કે તે લક્ષ્યને પહોંચી જશે અને આ શ્રદ્ધા અંત સુધી ટકાવી રાખવી જોઈએ. શ્રદ્ધા રાખવાથી પોતે લક્ષ્ય પ્રાપ્ત કરે છે. પરંતુ અર્ધે રસ્તે તમે પાછા ફરી જાઓ અને કહો, ''ના, હું કરી શકીશ નહીં,'' તો તમે કદી પૂરું કરશો નહીં. કેટલાક લોકો રસ્તા ઉપર ઊપડે છે અને થોડા સમય પછી તેમને તે રસ્તો લાંબો, થકવી નાખે તેવો અને મુશ્કેલ લાગે છે અને પછી તેઓ પોતે તેમના પગ પર સરખી રીતે ચાલતા નથી, તેમના પગ દુઃખવા લાગે છે. તમે સમજ્યા ? તેઓ કહે છે, ''હવે આગળ જવું બહુ મુશ્કેલ છે.'' તેથી એમ કહેવાને બદલે, ''મેં શરૂઆત કરી છે, હવે તો હું પૂરેપૂરો રસ્તો પૂરો કરીશ,'' જે એક જ વસ્તુ કરવાની છે. તેઓ ત્યાં ઊભા રહે છે, અટકી જાય છે અને દિલગીર થઈને કહે છે, ''ઓહ, હું કદી સફળ થઈશ નહિ.'' અને તેઓ રસ્તો છોડી દે છે. એટલે એ સ્પષ્ટ છે કે જેઓ રસ્તો છોડી દે છે તેઓ કદી સફળ થશે નહીં, એનો અર્થ તેઓ શ્રદ્ધા ખોઈ બેસે છે.

પોતાની શ્રદ્ધા ટકાવી રાખવી એટલે એમ કહેવું, ''સારું, મારે મુશ્કેલીઓ છે, છતાં હું આગળ ધપીશ.'' નિરાશા, એ તમારા પગ કાપી નાખે છે, તમને અટકાવે છે, તમને આ સ્થિતિમાં મૂકે છે, ''તે પૂરું થઈ ગયું, હવે હું વધારે આગળ જઈ શકીશ નહીં.'' તો આ ખરેખર પૂરું થઈ ગયું અને આ વસ્તુ ચલાવી લેવાય નહીં.

જ્યારે તમે શરૂઆત કરી જ છે ત્યારે તમારે અંત સુધી પહોંચવું જ જોઈએ. કેટલીક વખત જ્યારે માણસો મારી પાસે ખૂબ ઉત્સાહથી આવે છે ત્યારે હું કહું છું, ''જરા વિચાર કરો, તે સહેલો રસ્તો નથી, તમારે સમયની જરૂર પડશે, તમારે ધીરજની જરૂર પડશે, તમારે ખૂબ સહનશક્તિની જરૂર પડશે, ખૂબ ખંત અને હિંમત અને થાક વગરની શુભેચ્છા. તમે જુઓ કે આ બધું કરવા તમે શક્તિમાન છો કે કેમ અને પછી આરંભ કરો. પરંતુ એક વખત તમે આરંભ કર્યો એટલે પૂરું થયું. હવે પાછા ફરવાની વાત નહીં. તમારે અંત સુધી પહોંચવું પડશે.''

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૪૨૭-૨૮)

કદાપિ બડાઈ કરશો નહિ

તમે જાણો છો કે માણસ ઘણી વાર બાલિશતાપૂર્વક બડાઈ કરે છે કે 'મને પૂરી ખાતરી છે કે હું તેવી ભૂલ કદી નહિ કરું,' ને તરત જ હું આ પ્રમાણે કોઈ વિરોધી બળને ત્યાંથી પસાર થતું જોઉં છું; તે તેની બડાઈએ ખોલેલા નાનકડા દ્વારમાં થઈને તેનામાં પ્રવેશ કરે છે. તે આ પ્રમાણે અંદર પ્રવેશ કરે છે, ઘૂસી જાય છે. અને તમારે માટે એવી બધી ભૂમિકા રચે છે કે જેથી તમે જે કરવા માગતા ન હતા તે જ કાર્ય તમે કરો છો. પણ આ તો તે વિરોધી બળોની મોજ છે, તમને પ્રગતિમાં મદદ કરવા માટે તો નહિ જ, (માતાજી હસે છે). પણ જો તમે તેને કેવી રીતે સ્વીકારવું તે જાણો, તો તે તમને ચોક્કસ પ્રગતિમાં મદદ કરે છે. પછી તમે કહો છો કે ઠીક, હવે ભવિષ્યમાં બીજી વખત હું બડાઈ નહિ કરું.

આ બળો માનસિક અને પ્રાણિક ભૂમિકાઓ ઉપર ખૂબ સભાન હોય છે, એટલે માણસને શબ્દોનું ઉચ્ચારણ કરવાની પણ જરૂર નથી. દા.ત. જો તમે કોઈ ખરાબ ટેવને અથવા ભૌતિક નબળાઈને સુધારવા માટે સારી પેઠે કામ કર્યું હોય, તો તમે અમુક પ્રમાણમાં સફળતા પ્રાપ્ત કરો છો. પછી, જો તમે માનસિક રીતે એમ કહો કે મેં સફળતા પ્રાપ્ત કરી છે, તો બીજી જ ક્ષણે તે વિરોધી બળ પોતાનું કાર્ય શરૂ કરે છે, સમજ્યા ? તમારે તે બાબતનો વિચાર પણ ન કરવો જોઈએ, તે કથન કરવાની બાબત નથી. તમારે તો માત્ર એટલું જ વિચારવાનું રહે છે કે ''પહેલાં તે આમ હતું, અને અત્યારે તે આ પ્રકારનું છે. આહ, આ તો સરસ !'' બસ, પતી ગયું. બીજી જ ક્ષણે તે વિરોધી બળ પોતાનું કાર્ય ફરી શરૂ કરે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૧૯-૨૦)

***

જ્યારે તમે યોગસાધના કરવા તત્પર થાઓ ત્યારે તમારા મનના ઘડેલા બધા ઘાટોના તથા પ્રાણના રચેલા આધારોના ટુકડેટુકડા થઈ જાય તેને માટે તમારે તૈયાર રહેવું જોઈએ. સાધના કરવી હોય તો ફક્ત તમારા અંતરાત્માની શ્રદ્ધા સિવાય બીજા કશા પણ આધાર વગર હવામાં અધ્ધર લટકવાની તમારે તૈયારી રાખવી જોઈએ. તમારે તમારા ભૂતકાળનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે ભૂલી જવું પડશે, તેની સર્વે આસક્તિઓ સમૂળગી છોડી દેવી જોઈશે. તમારી ચેતનામાંથી તેને ઉખેડીને દૂર ફેંકી દેવી પડશે તથા સર્વ પ્રકારનાં બંધનોથી મુક્ત થઈને એક નવો જન્મ લેવો પડશે. તમે જે 'હતા' તેનો વિચાર ન કરો, પરંતુ તમે જે થવાની અભીપ્સા રાખો છો તેમાં મનને પરોવો. તમે જેનો સાક્ષાત્કાર કરવા માગતા હો તેમાં જ સર્વ રીતે લીન થઈ જાઓ. તમારા મરી ચૂકેલ ભૂતકાળ પ્રત્યેથી પાછા ફરી જાઓ અને ભવિષ્ય પ્રત્યે સીધી દૃષ્ટિ કરો. તમારો ધર્મ, તમારો દેશ, તમારું કુટુંબ ત્યાં છે, પ્રભુમાં.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૯૨)

આપણી પ્રકૃતિના વિધવિધ ભાગોમાં શ્રદ્ધા

તમારામાંના દરેક જણમાં કયા ભાગમાં દિવ્ય કૃપામાં સૌથી વધારે શ્રદ્ધા છે ? તે શારીરિકમાં હોઈ શકે, પ્રાણમય ચેતનામાં હોઈ શકે, ચૈત્ય સ્વરૂપમાં હોઈ શકે, આ કે તે ભાગમાં હોઈ શકે, આ કે તે ક્રિયામાં હોઈ શકે. દા.ત. કેટલાક લોકોમાં દિવ્ય કૃપા સાથેના સંપર્કનો, કૃપામાં રહેલી શ્રદ્ધાનો એક પ્રકારનો તદ્દન માનસિક સાક્ષાત્કાર હોય છે. તેઓ પોતાની પ્રાણમય અથવા શારીરિક ચેતનામાં આવે છે કે તરત જ કશું જ વધારે બનતું હોતું નથી. તેથી ઊલટું, બીજા કેટલાક લોકોમાં ઝાઝું માનસિક જ્ઞાન હોતું નથી, પણ જેમને પોતાની શારીરિક ચેતનામાં, દિવ્ય કૃપામાં પરિપૂર્ણ વિશ્વાસ અથવા શ્રદ્ધા હોય છે અને એ શ્રદ્ધા તથા વિશ્વાસને આધારે તેઓ જીવતા હોય છે. બીજા કેટલાક લોકોને પોતાની ફક્ત ઊંડી લાગણીઓમાં જ દિવ્ય કૃપામાં શ્રદ્ધા હોય છે, એ સિવાય તો તેમના વિચારો રખડેલ જેવા હોય છે. વળી કેટલાક લોકોમાં પ્રાણમય શ્રદ્ધા હોય છે, આવા લોકો વિરલ હોય છે, પણ તેઓ અસ્તિત્વ ધરાવે છે ખરા ? તેઓને દિવ્ય કૃપામાં એવી પ્રાણમય શ્રદ્ધા હોય છે કે સર્વ કાંઈ હંમેશાં તદ્દન સારી રીતે નભશે, તેની આવી માન્યતા પાછળ ખૂબ જ બળ હોય છે.

***

પ્રશ્ન : એમ ન બની શકે કે કેટલીક વાર પોતામાં તે કૃપાનું આશ્રયસ્થાન લાગણીમાં હોય અને બીજે સમયે વળી તે વિચારમાં હોય ?

આ વળી એક જુદી રીતની ઘટના છે. તેનો અર્થ એ થયો કે દિવ્ય કૃપામાંની આ શ્રદ્ધા અથવા વિશ્વાસ ચૈત્ય સ્વરૂપમાં છે, ત્યાં પાછળના ભાગમાં છે, હંમેશાં ત્યાં જ હોય છે. એટલે કેટલીક વાર તે લાગણી, તે વિચાર, તે શરીર ચૈત્યિક સાથે સંપર્કમાં આવતાં હોય છે, તે હકીકત જાણ્યા સિવાય તેઓ ચૈત્યિકની અસર હેઠળ આવતાં હોય છે; તે સમયે એ શ્રદ્ધા અથવા વિશ્વાસ આમ આગળ આવે છે અને આધાર રૂપ બને છે. જ્યારે માણસને અમુક ક્ષણો એ ચૈત્યિક સાથે સંપર્કો થાય છે ત્યારે આમ બને છે. દા.ત. જ્યારે તમે કોઈ ખૂબ મોટી મુશ્કેલીમાં આવી પડ્યા હો અથવા કોઈ ખૂબ મહાન જોખમમાં આવી પડ્યા હો અને તમે ઓચિંતા આ દિવ્ય કૃપામાંની તમારી શ્રદ્ધાને અથવા વિશ્વાસને શક્તિ રૂપે તમારામાં આવતી અનુભવો છો ત્યારે તે તમને મદદ કરે છે. એટલે તેનો અર્થ એ થયો કે તમને તમારા ચૈત્યિક સાથે સભાન સંપર્ક હોય છે અને તે તમને મદદ કરવા માટે આવે છે. તે તમારા પર વરસાવવામાં આવેલી ભગવાનની ખાસ કૃપા છે. આ પરિસ્થિતિ અહીં સૌથી વધારે વખત બનવી જોઈએ, કારણકે અહીં સર્વ સમયે દરેક જણમાં સભાનતાપૂર્વક આ સંપર્ક સ્થાપવામાં આવતો હોય છે. એટલે આ દાખલો વારંવાર બનવો જોઈએ, અહીં તે તદ્દન સામાન્ય છે. અથ ાંત્ સક્રિય ભાગ અનુસાર અથવા જરૂરિયાત અનુસાર, અહીં અને તહીં, તમે ઓચિંતા આ ભગવાનની કૃપામાંના તમારા વિશ્વાસને અનુભવતા હો છો, જે તમારા પર સ્વામિત્વ જમાવે છે અને તમારી રક્ષા કરે છે. તે બનતું હોય છે. બસ ! (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૧૨૦-૨૨)

શ્રદ્ધા આડે આવતાં ત્રણ વિઘ્નો

કેટલાક લોકો કહેતા હોય છે કે ''અમારામાં ભગવાનમાં અડગ શ્રદ્ધા છે. ભગવાન જ બધું કરી રહ્યા છે, કરી શકે છે. મારામાં, બીજાઓમાં, સર્વત્ર જે કાંઈ બની રહ્યું છે તે ભગવાનનું જ કાર્ય છે, માત્ર ભગવાનનું જ કાર્ય છે.'' જો તેઓ કોઈક પ્રકારના તર્ક વડે આ વાતને અનુસરતા હશે, તો થોડા સમય પછી, જગતમાં બનતાં સર્વ ભયંકર અનિષ્ટો માટે તે ભગવાનનો દોષ કાઢશે; જો તેમનામાં સાચો વિશ્વાસ નહિ હોય તો તેઓ ભગવાનને એક ક્રૂર અને ભીષણ રાક્ષસ બનાવી દેશે.

વળી, તેમનામાં શ્રદ્ધા હોય છે પણ તેઓ પોતાની જાતને કહેતા હોય છે કે : ''મને ભગવાનમાં શ્રદ્ધા છે. પણ આ જગત કેવું છે તે હું બરાબર જોઈ શકું છું ! પ્રથમ તો હું બહુ જ દુઃખી છું (કારણ કે માણસ હંમેશાં પોતાના પડોશીઓ કરતાં વધારે દુઃખી હોય છે). જીવન મારા પ્રત્યે બહુ કઠોર છે. પણ ભગવાન તો ભગવાન છે, દિવ્ય છે, સર્વ કલ્યાણમય છે, પરમ ઉદાર છે, સર્વ-સંવાદમય છે. તો પછી હું આટલો બધો દુઃખી કેમ છું ? ભગવાન શક્તિહીન હોવા જોઈએ, નહિ તો તે મને આટલો બધો દુઃખી કેમ થવા દે ?

તે બીજી પતનની ખાઈ છે.

ત્રીજા પ્રકારના માણસોમાં વિકૃત નમ્રતા હોય છે. તે પોતાની જાતને કહેતા હોય છે કે ''ચોક્કસ ભગવાને મને ફેંકી દીધો છે. હું કશા કામનો નથી, તે મારે માટે કાંઈક કરી શકે તેમ નથી. મારે માત્ર આ રમતનો-ભગવાનની ભક્તિનો – ત્યાગ જ કરી દેવાનું રહે છે. કારણ કે ભગવાન મને પોતાને માટે યોગ્ય માનતા નથી.

એટલે, જ્યાં સુધી માણસ શ્રદ્ધામાં-ભગવાનની કૃપામાં પરિપૂર્ણ, સમગ્ર વિશ્વાસનો ઉમેરો નહિ કરે ત્યાં સુધી મુશ્કેલીઓ આવવાની. એટલે એ બંને જરૂરી છે.

***

માર્ગ પર વિચરણ કરવા માટે

ભય એ સૌથી મહાન અશુદ્ધિ છે, જે પૃથ્વી પર ભગવાનના કાર્યનો વિનાશ કરવા માગનાર અદિવ્ય બલોમાંથી આવતી હોય છે. યોગ કરવા માગનાર માણસોની પ્રથમ ફરજ એ છે કે તેમણે પોતાના સઘળા બલપૂર્વક, દિલની સર્વ સચ્ચાઈ વડે, યથાશક્ય સર્વ સહિષ્ણુતા વડે, પોતાની ચેતનામાંથી ભયના પડછાયાને પણ દૂર કરી દેવો જોઈએ. યોગ-માર્ગ પર ચાલવા માટે, માણસે હિંમતવાન બનવું જોઈએ, ક્ષુદ્ર, નાનકડા, નિર્બલ, દુષ્ટ ભયને જરા પણ તાબે ન થવું જોઈએ.

*

યોગ-માર્ગ પર ચાલવા માટે, અડગ હિંમત, દિલની પરિપૂર્ણ સચ્ચાઈ, સાચા દિલનું આત્મ-સમર્પણ, જેમાં સાધક ગણતરી કે સોદો ન કરે, કાંઈક મેળવવા ખાતર સમર્પણ ન કરે, સંરક્ષણનો વિચાર રાખીને ભગવાનમાં વિશ્વાસ ન મૂકે, સાબિતીઓ માગે તેવી શ્રદ્ધા ન રાખે – આ બધી વસ્તુઓ અનિવાર્ય છે. માત્ર આ વસ્તુઓ જ જોખમથી તમારું રક્ષણ કરી શકે તેમ છે.

(CWM 8 : 38, 261)

શ્રદ્ધા માટે અભીપ્સા સેવો

સાહજિક રીતે શ્રદ્ધા સહિત જન્મવું તે વિરલ વસ્તુ છે. ઘણા ઓછા માણસો સાહજિક શ્રદ્ધા હોવા માટે ભાગ્યશાળી હોય છે. પરંતુ જો કોઈ વ્યક્તિ અભીપ્સામાં સાચ-દિલ હોય તો તે શ્રદ્ધા પ્રાપ્ત કરી શકે છે. જો અભીપ્સા સચ્ચાઈભરી અને સતત ચાલુ હોય તો તે કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરી શકે છે. દરેકમાં શ્રદ્ધાનું એક નાનું તત્ત્વ હોય છે જ. પછી ભલે તે એનાં માતા-પિતાએ કહેલી વસ્તુ હોય, અથવા તેણે જે પુસ્તકોનો અભ્યાસ કર્યો હોય તેમાંથી હોય. છેવટે તો તમારું બધું જ શિક્ષણ આ પ્રકારની શ્રદ્ધાના પાયા ઉપર જ રચાયેલું છે. જેમણે તમને ભણાવ્યા તેમણે કેટલીક વસ્તુઓ કહી છે. ચકાસણી કરવાનાં તમારી પાસે સાધનો ન હોય કારણ કે તમે ઘણા નાના હતા અને તમને અનુભવ પણ ન હતો. પરંતુ તેમણે જે કહ્યું તેમાં તમને શ્રદ્ધા છે અને તે શ્રદ્ધા ઉપર તમે ચાલ્યા જાઓ છો અને તેથી દરેકમાં શ્રદ્ધાનો એક નાનો એવો ટુકડો હોય છે જ, અને તેનો વિકાસ કરવા માટે વ્યક્તિ અભીપ્સા કરી શકે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૩૮૨)

***

શ્રદ્ધા માટેની શરતો

સૌથી અગત્યની અવસ્થા તો લગભગ એક બાળક જેવો વિશ્વાસ હોવો જોઈએ. એક બાળકનો સાચો વિશ્વાસ, જે જાણે છે કે તે ચોક્કસ આવશે, જે પોતાની જાતને બિલકુલ પૂછતો પણ નથી. તેથી જ્યારે જરૂર હોય છે ત્યારે તેને ખાતરી હોય છે કે તે વસ્તુ આવવાની જ છે. વારુ, આ વસ્તુ તે છે. આ પ્રકારનો વિશ્વાસ — આ ખરેખર સૌથી અગત્યની શરત છે.

અભીપ્સા કરવી તે અનિવાર્ય છે. પરંતુ કેટલાક લોકો પોતાની અંદર રહેલી શ્રદ્ધા અને શ્રદ્ધાનો અભાવ, તથા વિશ્વાસ અને અવિશ્વાસના સંઘર્ષ સાથે અભીપ્સા કરે છે, એક આશાવાદ જેને વિજયની ખાતરી હોય છે અને એક નિરાશા જે પોતાની જાતને પૂછે છે કે ક્યારે દુર્ઘટના આવશે. તે બન્ને વચ્ચે તેમની અંદર સંઘર્ષ હોય છે. જો તમારા સ્વરૂપમાં આ વસ્તુ હાજર હશે, તો તમે અભીપ્સા કરો છતાં તમે કાંઈ પણ મેળવશો નહીં અને તમે કહો છો, ''મેં અભીપ્સા કરેલી પણ મને કાંઈ પ્રાપ્ત થયું નહિ.'' તે એટલા માટે બને છે કારણ કે તમારી અભીપ્સાને તમારા આત્મવિશ્વાસની ખામીને લઈને તમે બધો સમય ભૂંસી નાખો છો. પરંતુ જો તમને ખરેખર વિશ્વાસ હોય..., બાળકોને જ્યારે તેમની જાત ઉપર છોડી મૂકવામાં આવે છે અને મોટા માણસો દ્વારા તેમની વિકૃતિ થયેલી હોતી નથી, ત્યારે તેમને એટલો બધો વિશ્વાસ હોય છે કે બધું સારું જ બનશે ! દા.ત. જ્યારે તેમને કોઈ નાનો અકસ્માત થાય છે ત્યારે તેઓ કદી એમ વિચારતા નથી કે આ કોઈ ગંભીર વસ્તુ બનશે ! તેઓ સાહજિક રીતે જ માની લે છે તે તુર્ત પૂરું થઈ જશે અને આ વસ્તુ તેનો અંત લાવવામાં ખૂબ શક્તિશાળી રીતે મદદ કરે છે.

વારુ, જ્યારે કોઈ વ્યક્તિ શક્તિને માટે અભીપ્સા કરે છે અને જ્યારે પ્રભુની મદદ માગે છે ત્યારે અવિચલિત ખાતરીથી તેની માગણી કરે છે કે તે આવશે જ, તે ન આવે એ અશક્ય

છે. તો પછી તે ચોક્કસ આવશે. તે આ પ્રકારનું છે.... હા, આ ખરેખર આંતરિક ઉદ્‌ઘાટન છે. આ વિશ્વાસ, અને કેટલાક લોકો સતત આ અવસ્થામાં રહે છે. જ્યારે કોઈ વસ્તુને ગ્રહણ કરવાની હોય છે ત્યારે તેને ગ્રહણ કરવા તેઓ કાયમ તૈયાર હોય છે. બીજા કેટલાક એવા હોય છે જ્યારે તેમને કંઈક પ્રાપ્ત કરવાનું હોય, કોઈ શક્તિ નીચે ઊતરતી હોય ત્યારે તેઓ કાયમ ગેરહાજર હોય છે, તે ક્ષણે તેઓ ત્યાં બંધ હોય છે, જ્યારે બીજા, જેમનામાં આવી બાળક જેવી શ્રદ્ધા હોય છે તેઓ ખરે સમયે ત્યાં કાયમ હાજર હોય છે.

અને એ વિચિત્ર છે, ખરુંને, કે બાહ્ય રીતે કોઈ જાતનો ભેદ નથી. તેમનામાં બરાબર તે પ્રકારની જ શુભેચ્છા હોય છે, તે જ પ્રકારની અભીપ્સા, તે જ પ્રકારની શુભ કરવાની ઇચ્છા. પરંતુ તેઓ, જેમનામાં પોતાની અંદર સ્મિતયુક્ત વિશ્વાસ હોય છે, તેઓ પ્રશ્ન કરતા નથી, પોતાની જાતને પૂછતા નથી કે તેમને પ્રાપ્ત થશે કે નહીં, કે દિવ્ય પ્રભુ તેમને પ્રત્યુત્તર આપશે કે નહીં આપે – આ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી, તે કાંઈક સમજી લેવાનું હોય છે.... ''મારે જેની જરૂર હશે તે મને આપવામાં આવશે, જો હું પ્રાર્થના કરીશ તો મને ઉત્તર મળશે; જો હું મુશ્કેલીમાં હોઈશ અને મદદની માગણી કરીશ તો મને મદદ મળશે અને તે આવશે એટલું જ નહીં પરંતુ મારે માટે તે બધું ગોઠવી આપશે.'' જો સાહજિક સચ્ચાઈભર્યો, પ્રશ્ન વગરનો વિશ્વાસ હશે તો બીજી કોઈ પણ વસ્તુ કરતાં તે વધારે સારું કામ આપશે, પરિણામ અદ્‌ભુત હોય છે. માણસ મનના વિરોધાભાસો અને શંકાઓને લઈને દરેક વસ્તુને બગાડી નાખે છે, આ પ્રકારના ખ્યાલો, જ્યારે વ્યક્તિ મુશ્કેલીમાં હોય છે ત્યારે આવે છે, ''ઓહ, તે અશક્ય છે ! હું તે કદી સંભાળી શકીશ નહીં, અને જો તે વધારે ગંભીર બની જશે, જે પરિસ્થિતિમાં હું છું તેમાં, જે મારે જોઈતું નથી, તે વધારે ખરાબ બનવાનું છે, જો હું વધારેને વધારે નીચે સરકવાનું ચાલુ રાખીશ, જો, જો, જો, જો....'' આ પ્રમાણે અને જે શક્તિને પોતાને ગ્રહણ કરવાની છે તેની અને પોતાની વચ્ચે એક દીવાલ બાંધે છે, ચૈત્ય પુરુષને આ શ્રદ્ધા હોય છે, તે અદ્‌ભુત રીતની હોય છે, છાયા વગરની, દલીલ વગરની, વિરોધ વગરની અને તે જ્યારે તે પ્રમાણે હોય છે ત્યારે એવી એક પણ પ્રાર્થના નથી જેને ઉત્તર ન મળે, એવી એક પણ અભીપ્સા નથી જે સાક્ષાત્કાર ન પામે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૩૯૦-૯૧)

***

શ્રદ્ધા જાળવી રાખવા માટે અંગત પ્રયત્ન જરૂરી

બેશક, પોતાની શ્રદ્ધાને જાળવી રાખવા માટે, શ્રદ્ધા અંદર વૃદ્ધિ પામે તેટલા માટે, અંગત પ્રયાસ જરૂરી છે. ઘણા લાંબા સમય પછી, જ્યારે આપણે એક દિવસ પાછળ નજર નાંખીશું ત્યારે આપણને જણાશે કે જે કાંઈ બન્યું હતું તે આપણને ખરાબમાં ખરાબ લાગ્યું હતું એ પણ ભગવાનની કૃપા હતી, જે આપણને માર્ગ પર પ્રગતિ કરાવવા માગતી હતી. અને આપણને સમજાય છે કે અંગત પ્રયાસ પણ ભગવાનની કૃપા હતી. પણ તે સ્થિતિએ પહોંચતા પહેલાં,

માણસે ખૂબ પ્રગતિ કરવી પડે છે, ખૂબ સંઘર્ષ કરવો પડે છે, કેટલીક વાર ખૂબ સહન પણ કરવું પડે છે.

જડ નિષ્ક્રિયતામાં બેસવું અને કહેવું કે ''જો મને શ્રદ્ધાની જરૂર હશે, તો તે મને મળી રહેશે. ભગવાનની કૃપા મને તે આપશે,'' એ આળસનું વલણ છે; અચેતનતાનું, અસદ ભાવનું વલણ છે.

આંતર જ્યોત પ્રજ્વલિત થાય તે માટે માણસે તેને પોષણ આપવું જોઈએ. માણસે અગ્નિનું નિરીક્ષણ કરવું જોઈએ, પોતે જેમને દૂર કરવા માગતો હોય તે બધી ભૂલોનો તેમાં હોમ કરવો જોઈએ; પ્રગતિમાં આવતા વિલંબોની, માર્ગને અંધકારમય બનાવનાર બધી વસ્તુઓની આહૂતિ આપવી જોઈએ. જો સાધક અગ્નિને પોષણ ન આપે તો તે પોતાની અચેતનતાની અને જડતાની રાખ નીચે હોલવાઈ જાય. અને પછી તો લક્ષ્યને પહોંચતા પહેલાં તેણે વર્ષો, જન્મો, સદીઓ ગાળવી પડે.

માણસ જેમ કોઈ ખૂબ-ખૂબ મૂલ્યવાન વસ્તુના જન્મની દેખભાળ કરતો હોય છે તેમ તેણે પોતાની શ્રદ્ધાની દેખભાળ કરવી જોઈએ, તેને નુકસાન પહોંચાડે તેવી બધી વસ્તુઓથી તેની કાળજીપૂર્વક રક્ષા કરવી જોઈએ.

પ્રારંભના અજ્ઞાનમાં અને અંધકારમાં શ્રદ્ધા ભગવાનની શક્તિની ખૂબ સીધી અભિવ્યક્તિ છે, જે યુદ્ધ કરવા અને વિજય પ્રાપ્ત કરવા આવતી હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૩૨૩)

***

શ્રદ્ધામાં વૃદ્ધિ કઈ રીતે કરવી ?

પ્રશ્ન : માતાજી, શ્રદ્ધાનો આધાર શેના ઉપર હોય છે ?

કદાચ પ્રભુની કૃપા ઉપર. કેટલાક લોકોમાં તે સ્વયંસ્ફુરિત હોય છે અને બીજા એવા છે જેમને તે મેળવવા માટે મહાન પ્રયત્ન કરવો પડે છે.

શ્રદ્ધામાં કઈ રીતે વધારો થાય ?

હું ધારું છું, અભીપ્સા મારફતે. કેટલાકમાં તે સ્વયંસ્ફુરિત હોય છે. તમે જાણો છો કે જો કોઈને શ્રદ્ધા ન હોય તો પ્રાર્થના કરવી મુશ્કેલ બને છે, પણ જો કોઈ શ્રદ્ધા વધારવા માટે પ્રાર્થનાને સાધનરૂપ બનાવે અથવા શ્રદ્ધા માટે અભીપ્સા કરે.... આ બધા ગુણો પ્રયત્ન માગી લે છે. કોઈની પાસે કોઈ વસ્તુ ન હોય અને તેને મેળવવાની ઇચ્છા થાય, તો તેના માટે ઘણા, ઘણા, ઘણા સતત પ્રયત્નો કરવા પડે છે. એક સતત અભીપ્સા, અખૂટ સંકલ્પશક્તિ, દરેક ક્ષણે સચ્ચાઈ, તો માણસને ખાતરી થાય છે કે કોઈક દિવસ તે આવશે — એક ક્ષણમાં પણ આવી શકે છે. કેટલાક લોકોમાં તે હોય છે. અને પછી તેમનામાં ઊલટસૂલટ ગતિઓ આવીને તેમના પર હલ્લો કરે છે. આ લોકોની સંકલ્પશક્તિ જો સચ્ચાઈભરી હશે, તો તેમની

શ્રદ્ધાનું તેઓ રક્ષણ કરી શકે છે અને હલ્લાઓને પાછા હઠાવે છે. બીજા કેટલાક એવા હોય છે જે શંકાને ફળવા દે છે. કારણ કે એ એક પ્રકારનું પ્રસરણ હોય છે — અને આનાથી વધારે જોખમકારક બીજું કાંઈ હોતું નથી. આ જાણે કે કીડાને ફળમાં રહેવા દેવા જેવું હોય છે : તે કીડો ફળને પૂરેપૂરું ખાઈ જાય છે. એટલે કે આવા પ્રકારની ક્રિયા થાય — આ પ્રથમ મનમાં પ્રવેશ કરે છે - ત્યારે સૌથી પહેલું તો એ કરવું, તેને ખેંચી કાઢીને નકારવું; ચોક્કસ તે સમયે શું બનશે તે જોવા માટેનો આનંદ ન લેવો જોઈએ. એવા પ્રકારની જિજ્ઞાસા ભયંકર જોખમી હોય છે.

જે લોકોમાં સરળ, સચ્ચાઈભર્યું અને નિખાલસ હૃદય હોય છે અને બૌદ્ધિક જટિલતા હોતી નથી, તેના કરતાં જે બુદ્ધિવાદીઓ હોય છે તેમને માટે કદાચ શ્રદ્ધા રાખવી અઘરી હોય છે. પરંતુ હું ધારું છું કે, બુદ્ધિશાળી માણસને શ્રદ્ધા હોય તો તે વધારે શક્તિશાળી બને છે, ખૂબ શક્તિશાળી વસ્તુ, જે ખરેખર અદ્‌ભુત કાર્યો કરે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૧૧૮-૧૯)

***

એક બીજી વસ્તુ છે. જો તમે પ્રગતિ સાધવા માગતા હો, તો તે અનિવાર્ય છે. તે છે શ્રદ્ધા. તેને માટે બીજો શબ્દ વાપરી શકાય, જે વધારે મર્યાદિત છે. પણ તે મારે માટે મર્યાદિત નથી, કારણ કે હું તેને ખૂબ મહત્ત્વની વસ્તુ માનું છું (મારો તેવો અનુભવ છે) જો તમારી શ્રદ્ધા ભગવાનમાં સંપૂર્ણ વિશ્વાસ-રૂપ નહિ હોય, તો તમે એવા ખ્યાલમાં રહેશો કે મારામાં શ્રદ્ધા છે અને છતાં તમે ભગવાનની શક્તિમાં-ભદ્રતામાં-ભગવાન તમારામાં જે સત્ય માગે છે તેમાં વિશ્વાસ ગુમાવી બેસશો. એ ત્રણમાં વિશ્વાસ ગુમાવી દેવો તે પતનના ખાડા છે.

શ્રી માતાજી

મારા બાળક, ધીરજ રાખ ! અને પરમ પ્રભુના હૃદયમાં નવજાત શિશુ માફક આશરો લે. સરળ બન, પ્રભુમાં શ્રદ્ધા રાખ. છેવટે વિશાળ પરમાનંદ પ્રાપ્ત થશે. (Mother You Said So : 6.12.65)

*

પરમાત્માની શક્તિ અમાપ છે – એ તો આપણી શ્રદ્ધા જ વામણી હોય છે.

શ્રી માતાજી

શ્રદ્ધા – ચિંતન-મનન

આ બે વસ્તુઓ સંપૂર્ણતયા અનિવાર્ય છે : સહનશક્તિ અને એવી શ્રદ્ધા, જેને કોઈ પણ વસ્તુ ડગાવી શકે નહિ; દેખીતો સંપૂર્ણ વિરોધાભાસ પણ નહિ. તમે દુઃખ અનુભવો, તમારી સ્થિતિ દુઃખદાયક હોય (તમારા શરીરની સ્થિતિ) તમે થાકી ગયા હો — ટકી રહેવું. ધીરજપૂર્વક ટકી રહેવું... (CWM 11-1)

*

તમારી શ્રદ્ધાની ઉત્કટતાનો અર્થ એવો થઈ શકે કે જે બાબતમાં તમારી શ્રદ્ધા જ્વલંત છે તે સાર્થક થવાની જ છે એમ પ્રભુએ નિર્માણ કર્યું છે. અડગ શ્રદ્ધા એ ભગવાનની તપઃશક્તિની હાજરીની નિશાની છે, જે થનાર છે તેની આગાહી છે. (CWM 3 : 93)

*

ભૂતકાળના કેટલાક પયગંબરોમાં આ નિગૂઢ દર્શના હતી. પણ સામાન્ય રીતે બને છે તેમ, વસ્તુઓ સંમિશ્રિત હતી. તે પયગંબરોને પોતાની નિગૂઢ દર્શનાની સાથે સાથે અતિમાનસિક જગતનું દર્શન થયું ન હતું, જે સંમતિ આપનાર માનવોનું ઊર્ધ્વીકરણ કરવા માટે અને આ ભૌતિક જગતનું રૂપાંતર કરવા માટે આવશે. એટલે માનવ ચેતનાના આ વિકૃત ભાગમાં જન્મેલા લોકોને આશા આપવા માટે, તેમણે શ્રદ્ધા દ્વારા ઉદ્ધારનો માર્ગ બતાવ્યો. પદાર્થતત્ત્વમાં ભગવાને પોતાનું જે બલિદાન આપ્યું છે તેમાં શ્રદ્ધા રાખનાર લોકોનો બીજા જગતમાં ઉદ્ધાર થશે; પણ તે માત્ર શ્રદ્ધા દ્વારા જ, સમજ્યા વગર, બુદ્ધિ વગર. તે પયગંબરોએ અતિમાનસ જગત જોયું નથી. તેઓ તે પણ સમજ્યા નથી કે પદાર્થતત્ત્વમાં ભગવાને પોતાની જાતનું આપેલું મહાન બલિદાન તે પોતાની અવક્રાન્તિ છે, જેની સિદ્ધિ પદાર્થતત્ત્વમાં પોતામાં ભગવાનના સમગ્ર પ્રાગટ્યમાં થવી જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૨૭૭-૭૮)

*

અપવાદ સિવાય, બધા કિસ્સામાં ગમે તે બને, પણ જો તમારામાં શાન્તિ, ગભીર ભવ્ય શાન્તિ અને દિવ્યકૃપામાં પરિપૂર્ણ શ્રદ્ધા હશે તો તમારો વાળ વાંકો નહિ થાય. જો તમારે અનુભવો પ્રાપ્ત કરવા હોય તો તમારે આ બધું પ્રાપ્ત કરવું પડશે, કારણ કે આ વસ્તુઓ વગરના અનુભવો નકામા છે; પણ આ વસ્તુઓ સાથેના અનુભવો સરસ છે, સુંદર છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૮૮)

*

શ્રદ્ધા એ છે અનુભવ કે જ્ઞાન પર આધારિત ન હોય એવી નિશ્ચિંતતા.

*

શ્રદ્ધા એ છે ચૈત્યનું સહજ જ્ઞાન.

*

પ્રત્યેક ક્ષણે સર્વ અણચિંતવ્યું, અણધાર્યું, અજ્ઞાત આપણી સમક્ષ જ હોય છે — અને આપણી સાથે જે કંઈ બને છે તે મોટે ભાગે આપણી શ્રદ્ધાની તીવ્રતા અને શુદ્ધતા ઉપર આધારિત હોય છે.

*

ઈશ્વરકૃપામાં સંપૂર્ણ શ્રદ્ધા તેમ જ વિશ્વાસ એ ખરું જોતાં મોટામાં મોટું ડહાપણ છે.

*

જે ક્ષણે આપણને સમગ્ર પરિસ્થિતિ સંપૂર્ણપણે હાથમાંથી સરી જતી લાગે, તે જ ક્ષણે આપણે શ્રદ્ધાની એક પરમ ક્રિયા કરવી જોઈએ અને વિશ્વાસ રાખવો જોઈએ કે ઈશ્વરકૃપા આપણને કદાપિ નિરાશ નહિ કરે.

*

ઈશ્વરકૃપામાં અડગ વિશ્વાસ તેમ જ શ્રદ્ધા રાખીને, સંપૂર્ણપણે શાન્ત તથા સ્વસ્થ રહીને જ તમે સંજોગોને સૌથી વધુ સારા બનવા દઈ શકો છો. જેઓને ઈશ્વરમાં, માત્ર ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય છે તેઓને માટે હંમેશાં બધું એકદમ શ્રેષ્ઠ જ બનતું હોય છે.

*

ઈશ્વરકૃપા અને મદદ હંમેશાં સર્વને માટે — જેઓ એની અભીપ્સા સેવે છે — હોય છે જ. અને એમને જ્યારે શ્રદ્ધા અને વિશ્વાસ સહિત ગ્રહણ કરવામાં આવે છે ત્યારે એમની શક્તિ અમાપ હોય છે.

*

ઈશ્વરકૃપાની સર્વશક્તિમત્તામાંની આપણી શ્રદ્ધા એ કૃપા જેટલી જ સમર્થ કદાપિ હોતી જ નથી.

*

જીવનના સર્વ સંજોગોની ગોઠવણી એ રીતે કરવામાં આવી છે કે જેના દ્વારા આપણને એ શીખવા મળે કે સર્વે કસોટીઓમાંથી પાર ઊતરવા માટે, બધી મર્યાદાઓમાંથી મુક્ત થવા માટે અને ઈશ્વરીય ચેતના સાથે સંપર્ક સાધવા માટે જરૂરી એવી શક્તિ મનથી પરની અવસ્થામાં રહેલી ઈશ્વરકૃપામાં શ્રદ્ધા રાખવાથી પ્રાપ્ત થાય છે.

*

ભૌતિક પુરાવાઓ પર આધારિત એવી શ્રદ્ધા એ શ્રદ્ધા નથી - એ છે સોદાબાજી.

*

શ્રદ્ધા એ નિશ્ચિતપણે ઈશ્વરકૃપા તરફથી આપણને આપવામાં આવેલી બક્ષિસ છે. એ જાણે કે શાશ્વત સત્ય પ્રતિ અચાનક ખૂલતા દ્વાર જેવી છે, અને એ શ્રદ્ધા દ્વારા આપણે એ શાશ્વત સત્યને જોઈ શકીએ છીએ, લગભગ એને સ્પર્શી શકીએ છીએ.

શ્રી માતાજી

(CMM : Vol 6 : 80, 88, 94, 87 and Vol : 10 : 323 Vol 14 : 82-83)

ચેતના એક જ છે

૭ એપ્રિલ ૧૯૧૭

એક ગહન ધ્યાનાવસ્થાએ મને પોતામાં મગ્ન કરી દીધી. મેં જોયું કે હું એક ચેરી વૃક્ષના પુષ્પ સાથે એકરૂપ બની રહી છું, પછી એ પુષ્પ સાથેની એકરૂપતા દ્વારા હું બધાંય ચેરી-પુષ્પો સાથે એકરૂપ બનવા લાગી છું. અને પછી, એક નીલ રંગની શક્તિના પ્રવાહની પાછળપાછળ ચાલતાંચાલતાં, હું ચેતનામાં જેમજેમ વધુને વધુ ઊંડે ઊતરતી ગઈ, ત્યાં એકાએક હું પોતે

જ એ ચેરીવૃક્ષ બની ગઈ. એ વૃક્ષની અગણિત ડાળીઓ જાણે તે દરેક મારો એકએક હાથ હોય તેમ આકાશ તરફ હું પસારવા લાગી. એ ડાળીઓ પરનાં પુષ્પ જાણે પૂજાનો અર્ધ્ય બની રહ્યાં. અને પછી મેં સ્પષ્ટપણે આ વાક્ય સાંભળ્યું :

> ''આ પ્રમાણે તેં ચેરીવૃક્ષોના આત્મા સાથે એકરૂપતા પ્રાપ્ત કરી છે અને એ ઉપરથી તું સમજી શકીશ કે પ્રભુ પોતે જ આ પુષ્પરૂપી પ્રાર્થનાનો અર્ધ્ય પ્રભુના ધામ પ્રત્યે અર્પી રહ્યા છે.''

મેં આ લખી લીધા પછી એ બધી અનુભૂતિ ચાલી ગઈ. પણ હવે એ ચેરીવૃક્ષનું રુધિર મારી નસોમાં વહી રહ્યું છે અને તેની સાથે સાથે એક અતુલિત શાંતિ અને શક્તિ પણ વહી રહ્યાં છે. મનુષ્યના અને વૃક્ષના શરીરની વચ્ચે કયો ભેદ છે ? વાસ્તવમાં કશો જ નહિ. **બંનેની પાછળ ધબકી રહેલી ચેતના એક જ છે.**

અને પછી ચેરીવૃક્ષે ધીરેકથી મારા કાનમાં કહ્યું :

'વસંતઋતુના ઉપદ્રવોનું ઓસડ છે ચેરીવૃક્ષનું ફૂલ.'

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : પૃ. ૨૬૬-૬૭) **શ્રી માતાજી**

***

જે શ્રદ્ધાળુ નથી

એક સરસ વાક્ય છે. ''જે કૃતકૃત્ય થઈ ગયેલ છે (જે શ્રદ્ધાળુ નથી), જેણે નિર્વાણ અનુભવેલ છે (પણ જેનામાં અકૃતજ્ઞ*નો, ભાવ છે.)''

જે શ્રદ્ધાળુ નથી – આ શબ્દમાંથી ઘણા બધા ભાવ અભિપ્રેત થાય. પ્રથમ નજરે જોતાં એમ લાગે કે તેનો ઉલ્લેખ એવી વ્યક્તિ પ્રત્યેનો છે જે અદૃષ્ટ વસ્તુમાં તેનો અનુભવ થયા વગર શ્રદ્ધા ધરાવતો નથી. દાખલા તરીકે, જેમ સામાન્ય માણસો કોઈ એક સંપ્રદાયને અનુસરે, તેને ધર્મના સિદ્ધાંતોમાં શ્રદ્ધા હોય, અને એનું કારણ માત્ર એટલું જ હોય કે તેને એમ શિખવવામાં આવ્યું છે. પરંતુ તેનામાં ''નિર્વાણનો અનુભવ'' છે, એટલે કે, તે અદૃષ્ટ વસ્તુઓના સંપર્કમાં છે અને તાદાત્મ્યને લઈને વસ્તુઓ જેવી છે તેવી જાણે છે. વાત એમ છે કે ધમ્મપદે આપણને જણાવ્યું છે કે શ્રેષ્ઠ પુરુષ એ કહેવાય જેને શિખવવામાં આવ્યું છે તેમાં શ્રદ્ધા નથી, પણ જે દૃષ્ટ નથી તેનો તેને પ્રત્યક્ષ અનુભવ હોય છે, જે સઘળી માન્યતામાંથી મુક્ત છે અને જેને પોતાને અદૃષ્ટ વસ્તુઓનો અનુભવ હોય છે.

આને બીજી રીતે પણ સમજી શકાય : જે શ્રદ્ધાળુ નથી તે એ છે કે જે દેખીતી વસ્તુઓની વાસ્તવિકતામાં માનતો નથી, આપણે જેવું જોઈએ છીએ તેને માનતો નથી, જે તેમને સત્ય તરીકે સ્વીકારી શકતો નથી; જેને ખબર છે કે આ તો માત્ર ગેરરસ્તે દોરી જનારી દેખીતી વસ્તુઓ છે. જેને ખબર છે કે એ સૌની પાછળ એક સત્ય રહેલું છે, જેને શોધવું રહ્યું, જે (સત્ય) તાદાત્મ્ય અને પ્રત્યક્ષ અનુભૂતિથી પામી શકાય છે.

અને આને લઈને આપણને અનેક વસ્તુઓનું અવલોકન કરવાનું મન થાય છે. પ્રત્યક્ષ અનુભવ વગર આપણે અસંખ્ય વસ્તુઓને માની લઈએ છીએ. કારણ કે, માત્ર એ તો એમ જ હોય એમ શિખવવામાં આવ્યું છે, અથવા તો વસ્તુઓ એમ છે એવું વિચારવા આપણે ટેવાઈ ગયાં હોઈએ, અથવા તો એ બધું એમ જ હોય એમ માનનારાઓથી આપણે ઘેરાઈ ગયાં હોઈએ. જો આપણે જેને વિશે માનીએ છીએ એ સઘળી વસ્તુઓ તરફ નજર કરીએ, માત્ર માનીએ છીએ એમ નહિ પણ એક સિદ્ધ પ્રમાણ તરીકે વિધાન કરીએ છીએ : ''આ તો આમ જ છે.'' પેલું કે, અલબત્ત એ એમ જ છે,'' ''અને આ વસ્તુની વાત કરો છો ? હા, એ એમ જ છે'' તો ! ... સાચું કહીએ તો આપણે તેને વિશે કંઈ જ જાણતા નથી હોતા, માત્ર બધું એમ છે એવા વિચારથી ટેવાઈ ગયેલા હોવાને કારણે તેમ બને છે. એવી કયી વસ્તુઓ છે જેનો તમને

* 'અકતજ્ઞ્' (અકૃતજ્ઞ), અર્થાત્ હવે જેના ઉપર કોઈએ કશો ઉપકાર કરવાની જરૂર નથી રહી, માટે જેને કોઈનો ઉપકાર માનવાની, વાળવાની કે જાણવાની જરૂર નથી રહી, એટલે કૃતકૃત્ય, નિર્વાણનો અનુભવી.

દર્શન

પ્રત્યક્ષ ભાવે (અંગત રીતે) અનુભવ થયો હોય, જેનો તમને સીધેસીધો સંપર્ક થયો હોય, જેને વિશે તમે કંઈ નહિ તો સચ્ચાઈથી કહી શકો, ''એ એમ છે તેની મને પ્રતીતિ થઈ છે, કારણ કે, તેની મને અનુભૂતિ છે ?'' એવી વસ્તુઓ બહુ નહિ હોય.

ખરેખરી રીતે, જો તમારે સાચેસાચ જ્ઞાન મેળવવું હોય, તો ખૂબ ચીવટથી અભ્યાસ કરવાની શરૂઆત કરવી જોઈએ; આપણને જે શિખવવામાં આવ્યું હોય તેના સત્યાસત્યની ખાતરી કરી લેવી જોઈએ, – સામાન્યમાં સામાન્યની અને ક્ષુલ્લકમાં ક્ષુલ્લકની. અને પછી તમને સમજાશે કે પાઠમાં (શ્લોકમાં) સાથી કહ્યું છે, ''મનુષ્યોમાં શ્રેષ્ઠ;'' કારણ કે મને લાગે છે કે આ પ્રયોગ ઘણાએ કર્યો હોતો નથી.

એ એક રસપ્રદ શોધ થાય જો આપણે જે માનતા હોઈએ અને જેનો આગ્રહ રાખતા હોઈએ તે વસ્તુઓને શોધી શકીએ, કારણ કે એમ માનવું અને આગ્રહ રાખવો એ એક રૂઢિ થઈ ગઈ છે.

ત્યારે હવે તમે જાઓ અને સાબિતી વગર જેને તમે દૃઢતાથી માનો છો તે વિશે તમારો વિચાર અને ચેતનાને અવલોકી જુઓ, તમને સમજાશે.

– ૨૮, માર્ચ, ૧૯૫૮

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૨૪૧-૪૩) **શ્રી માતાજી**

***

''શ્રદ્ધા, વધુ ને વધુ શ્રદ્ધા ! તમારી અંદર રહેલી શક્યતાઓમાં શ્રદ્ધા; પડદા પાછળ કાર્ય કરી રહેલી શક્તિમાં શ્રદ્ધા. જે કાર્ય કરવાનું છે તેમાં અને જે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તેમાં શ્રદ્ધા.''

વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ સાધના શિબિર નૈનીતાલ :

પ્રા. શ્રી ભારતસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ શ્રી અરવિન્દ સાધના શિબિરનું આયોજન તા. ૨૪-૯-૧૬થી ૩૦-૯-૧૬ સુધી નૈનીતાલમાં કરવામાં આવનાર છે.

સંપર્ક : શ્રી ભારતસિંહ ઝાલા, શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, બોટાદ. મો. ૯૪૨૬૬૯૫૧૯૮

*

જામનગર કેન્દ્રમાં શ્રી અરવિન્દ તત્ત્વદર્શનના ઊંડા અભ્યાસી વિદ્વાન ચિંતક અને શ્રી મા અરવિન્દ સાધના કેન્દ્ર રાજકોટ દ્વારા પ્રસિદ્ધ થતા આધ્યાત્મિક માસિકના તંત્રી શ્રી માનસિંહભાઈ ચાવડાના જ્ઞાનસત્રનું નીચે મુજબ આયોજન કરવામાં આવ્યું.

તા. ૨૮-૫-૨૦૧૬ શનિવારે સાંજે ૬.૩૦ થી ૮

તા. ૨૯-૫-૨૦૧૬ રવિવારે સવારે ૧૦થી ૧૧.૩૦ તથા સાંજે ૬.૩૦થી ૮

વિષય હતો : ''**પૂર્ણયોગની સાધના પદ્ધતિ**''

પ્રત્યેક સત્રમાં શ્રી માનસિંહભાઈએ એક કલાક પ્રવચન, ત્યારબાદ ત્રીસ મિનિટ પ્રશ્નોત્તરી દ્વારા ''મનની સાધના''ના શીર્ષક હેઠળ મનનું પ્રકૃતિગત બંધારણ. તેની સાથે કામ લેવાની પદ્ધતિ તથા તેને વ્યવહારમાં મૂકવાની રીત વિશે, અવચેતન મન વિશે, વાણી પર ચૈતસિક પ્રભુત્વ વિશે તથા ''પ્રાણની સાધના'' ના કેટલાક અગત્યના મુદ્દાઓ પર વિસ્તૃત વ્યવહારૂ માર્ગદર્શન પૂરૂં પાડ્યું. (અહેવાલ : બિપિન શનેશ્વરા)

*

શ્રી અરવિન્દ યોગ કેન્દ્ર, મુ. જંત્રાલ, તા. કલોલ જી. પંચમહાલ-૩૮૮ ૩૨૫ ફો. ૦૨૬૭૬-૨૩૨૨૦૧. તા. ૩૦ એપ્રિલ ૨૦૧૬ અને તા. ૧ મે ૨૦૧૬ દરમિયાન એક્યુપ્રેશર કેમ્પ રાખવામાં આવેલ હતો. આ કેમ્પ માટે મલઢાપુર મહારાષ્ટ્રના છત્રપતિજી દંડે સેવાઓ આપી હતી. તેઓનું એક્યુપ્રેશરનું પોતાનું વિકસાવેલું જ્ઞાન છે. તેનો લાભ સ્પોન્ડેલીસીસ, લકવા, આર્થરાઈટીઝ, રૂમેટીઝમ, સ્પાઈનમાંથી રાહત આપવામાં આવે છે. આ કેમ્પમાં આશરે ૭૦ જેટલી વ્યક્તિઓએ લાભ લીધો હતો.

તા. ૧ મે ૨૦૧૬ વડોદરાથી શ્રી સૌરિન મહેતા અને શ્રી આલોક શર્મા સાથે ૧૮ વ્યક્તિઓએ સંસ્થાની મુલાકાત લીધી હતી. સ્વામીજી આનંદ સરસ્વતીજીએ શ્રી અરવિન્દના યોગ વિશે માહિતી આપી હતી અને ધ્યાન કરાવ્યું હતું.

તા. ૯ મે ૨૦૧૬ પૂ. ચંપકલાલજીના નિર્વાણ દિન નિમિત્તે વિદ્યાનગરથી શ્રી લલિતભાઈ ત્યાગી અને મિત્ર મંડળે કેન્દ્રની મુલાકાત લીધી અને સૌએ મળી ધ્યાન કર્યું.

(અહેવાલ : સ્મિતા ભટ્ટ)

*

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે તા. ૬-૫-૨૦૧૬ના રોજ વંદે માતરમ્ એક પત્ર, નારો અને રાષ્ટ્રગાન વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ઈલોરાપાર્કની શૈક્ષણિક સંસ્થા સુરિચીના ૧૦૫ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. વિદ્યાર્થીઓએ ગુજરાતી, બંગાળી અને અંગ્રેજીમાં વંદેમાતરમ્‌નું ભાવવાહી પઠન કર્યું. આ પ્રસંગે શ્રી નરેન્દ્ર પટેલે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં લખાણોમાંથી ઉપયુક્ત વિષય સંદર્ભે સંકલિત લખાણો ક્રમબદ્ધ રજૂ કર્યાં. દરેક વિદ્યાર્થીને વંદેમાતરમ્ ગાનની ગુજરાતી, બંગાળી, અંગ્રેજી કૉપી અને શ્રી અરવિન્દ જીવન, દર્શન, યોગ અને આશ્રમ, એક પરિચય પુસ્તિકા શ્રી અરવિન્દ મેમોરીયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ તરફથી આપવામાં આવી, ઉપરાંત વિદ્યાર્થીઓના પ્રિય શ્રી અરવિન્દ (યોગયુક્તા પ્રકાશનની) પુસ્તિકા આપવામાં આવી. અંતે વંદેમાતરમ્ રાષ્ટ્રગાનનું સમૂહગાન કરવામાં આવ્યું. રાષ્ટ્રભક્તિના વાતાવરણમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. (અહેવાલ : શ્રી નરેન્દ્ર પટેલ)

*

બાળકો માટે 'સમર કેમ્પ' તા. ૨૫-૪-૧૬થી ૧-૫-૧૬ દરમિયાન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં ૭થી ૧૦ વર્ષનાં બાળકો માટે 'સમર કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં બાળકોની નૈસર્ગિક શક્તિઓ ખીલે અને વિકાસ પામે તેવું વાતાવરણ સર્જવામાં આવ્યું હતું. કેમ્પનો પ્રારંભ પ્રાર્થનાથી કરી હળવી કસરતો, રસપ્રદ રમતો, બૌદ્ધિક કસરતો, ચિત્રકલા, રંગપૂરણી, કાગળમાંથી અવનવા સુશોભિત નમૂનાઓ બનાવવા, કથાકથન, ગીતપઠન, વિ. વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. અંતિમ દિવસે ખાસ કાર્યક્રમમાં બાળકોએ સર્જેલી કલાકૃતિઓનું પ્રદર્શન અને બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું. હાજર રહેલા વાલીઓએ પ્રસન્નતા અને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

કેમ્પમાં લગભગ ૪૦ બાળકોએ ભાગ લીધો હતો. સુ.શ્રી મીનાક્ષીબેન પટેલ અને સુ.શ્રી કલ્યાણીબેન જોશીએ કેમ્પનું સંચાલન કર્યું હતું. શ્રીમતી દ્રૌપદીબેન ભાવનાની, શ્રી નીલકંઠભાઈ જોશી અને શ્રી નરેન્દ્રભાઈ પટેલનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

*

શ્રી અરવિન્દ સોસાયટી વડોદરા અને શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના ગ્રંથોના પરિચયાત્મક અભ્યાસવર્ગોનું તા. ૩૦-૫-૨૦૧૬થી ૫-૬-૧૬ દરમિયાન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે આયોજન કરવામાં આવ્યું હતું.

અમરેલી, ગાંધીનગર, ધારી, જામનગર, વડનગર, ઈડર, ૐપુરિ, કપડવંજ વિ. કેન્દ્રોના ૩૭ શિક્ષાર્થીઓ તથા સ્થાનિક અભીપ્સુઓએ પણ વર્ગોમાં સારી સંખ્યામાં હાજરી આપી હતી.

વર્ગોમાં શ્રી અરવિન્દના મુખ્ય ગ્રંથો, દિવ્યજીવન, સાવિત્રી, વેદ રહસ્ય, ઉપનિષદ,

ગીતા નિબંધો, યોગમાર્ગોનો સમન્વય, મા, યોગ ઉપર પત્રો, માનવ એકતાનો આદર્શ, માનવ વિકાસ ચક્ર, ભારતીય સંસ્કૃતિના પાયા, અને 'માતૃવાણી'ના ગ્રંથો તથા શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં જીવન અને કાર્યો તથા 'આશ્રમ', ભારતમાતા અને શ્રી માતાજી તથા જીવનનું શાસ્ત્ર અને શ્રી અરવિન્દ દર્શનના પ્રસારનું કાર્ય કરતી સંસ્થાઓ ઉપર વિશદ રજૂઆતો થઈ. શ્રી શરદભાઈ જોશી, શ્રી નીલકંઠભાઈ જોશી, શ્રી કૈલાશભાઈ જોશી, ડૉ. રમણલાલ પાઠક, શ્રી જ્યોતિબહેન થાનકી, શ્રી કિરીટભાઇ ઠક્કર, શ્રી કૈવલ્યભાઈ સ્માર્ત તથા શ્રી નરેન્દ્રભાઈ પટેલે અને ડૉ. સી.કે.તન્નાએ વક્તવ્યો રજૂ કર્યાં.

અભ્યાસવર્ગના છેલ્લા દિવસે શ્રી શરદભાઈ જોશીના અધ્યક્ષપદે યોજાયેલા સમાપન કાર્યક્રમમાં સૌનો સર્વસામાન્ય અનુભવ રહ્યો : ''શ્રી અરવિન્દ નિવાસમાં ગાળેલું આ અઠવાડિયું અમારા જીવનનું સૌથી અમૂલ્ય સંભારણું બની રહેશે...'' અને 'સાત દિવસનો સમય ઓછો પડે છે.'

આ પ્રસંગે શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી પ્રમોદરાય શાહના હસ્તે દરેકને એક પુસ્તકસંપુટ ભેટ આપવામાં આવ્યો, જેમાં શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની જીવન-કથાઓ તથા આશ્રમ અને પૂર્ણયોગ વિશે સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી છે. શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા તરફથી શ્રી અરવિન્દ નિવાસની સ્મૃતિરૂપ કાષ્ટપ્રસાદી દરેકને ભેટ આપવામાં આવી.

અંતે શ્રી માતાજીના ધ્યાન સાથે આ સમગ્ર કાર્યક્રમનું અર્પણ શ્રી માતાજીના ચરણોમાં કરવામાં આવ્યું. મહાપ્રસાદ લીધા પછી એક અપૂર્વ સભરતાના ભાવ સાથે સૌ છૂટાં પડ્યાં.

(અહેવાલ : કૈલાશ જોશી)

*

સાવિત્રીશબ્દામૃત શ્રેણી : સાવિત્રીપ્રેમી વાચકો, સાધકો અને સાહિત્યપ્રેમી લોકોએ આ શ્રેણીને અપનાવી લીધી છે. 'શ્રેણીમાંનું હવે પછીનું પુસ્તક ક્યારે આપો છો ?' એવી પૃચ્છા બે-એક મહિનાથી થઈ રહી છે. આ સાથે સર્વે વાચકોને જણાવવાનું કે સાવિત્રીશબ્દામૃત-૬નું અનુવાદકાર્ય અને ડી.ટી.પી સાથોસાથ ચાલી રહ્યું છે. એક પુસ્તકમાં આપણે ૩૦૦ કે તેથી વધુ પેજ રાખવાનું નક્કી કર્યું હોવાથી ૩૦૦ પેજનું કાર્ય સંપન્ન થશે ત્યારે પુસ્તક-૬ પ્રસિદ્ધ કરવામાં આવશે. દિ વાળી સુધી કાર્ય સંપન્ન થઈ જવાની અપેક્ષા છે.

કિરીટ ઠક્કર
અનુવાદક

*

SRI AUROBINDO SOCIETY

Notice for the Annual General Meeting

The Annual General Meeting of the members of Sri Aurobindo Society will be held on Saturday, the 24th September 2016, at 4.00 p.m. at its registered office, **Sri Aurobindo Bhavan, 8, Shakespeare Sarani, Kolkata - 700 071**, to transact the following business:

1. To confirm the minutes of the last Annual General Meeting held on 19th September 2015.
2. To consider and approve the audited Balance Sheet and Income & Expenditure Account of the Society for the year ended 31.03.2016.
3. To consider and adopt the Executive Committee's Annual Report of Activities for the year 2015-2016.
4. To appoint an auditor for the Society for the year 2016-2017.
5. To consider any other matter with the permission of the chair.

Sd/-

(Pradeep Narang)

Puducherry
Chairman

Note : The members are entitled to appoint proxy. Proxies must be deposited at the Registered Office of the Society, No. 8, Shakespeare Sarani, Kolkata - 700 071, during office hours, in advance but not less than 48 hours before the time of the meeting. The proxy should be a member of the Society. Proxy form is printed below.

PROXY

SRI AUROBINDO SOCIETY,
Regd. Office : 8, Shakespeare Sarani, Kolkata - 700 071.

I,...being a member of Sri Aurobindo Society, having membership No. .... valid upto .... do hereby appoint .... having Society's membership No. .... valid upto .... as my proxy in my absence to attend and vote for me and on my behalf at the Annual General Meeting of the Society, to be held on Saturday, the 24th September 2016, at 4.00 p.m. and at any adjournment thereof.

In witness whereof, I have set my hand this..................... day of .... 2016.

Revenue Stamp

(Signature of the member across the stamp)

Note : The proxy must be deposited at the Registered Office of the Society, No. 8, Shakespeare, Sarani, Kolkata - 700 071, not less than 48 hours before the time of the meeting.

''જ્યારે આપણે કામનાઓને વશ જીવન ગાળીએ છીએ, કામના સાથે એક બનીએ છીએ તથા તેમના આવેગ પ્રમાણે કર્મ કરીએ છીએ ત્યારે તે આખી ક્રિયા આપણી પ્રાણમય અને સ્થૂલ પ્રકૃતિની, આપણી તામસિક અને રાજસિક પ્રકૃતિની શ્રદ્ધાનું પરિણામ હોય છે. અને જ્યારે આપણે શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે જીવન ગાળવા પ્રયત્ન કરીએ છીએ, એની સાથે એક થઈએ છીએ, અને એની આજ્ઞા પ્રમાણે કર્મ કરીએ છીએ ત્યારે પણ આપણે એક પ્રકારની શ્રદ્ધા અનુસાર જ વર્તીએ છીએ. અને એ શ્રદ્ધા રોજના અભ્યાસ જેવી ન થઈ ગઈ હોય તો આપણી પ્રકૃતિના રાજસિક અને તામસિક ભાગો પર પોતાનો અધિકાર સ્થાપન કરવા સતત મથતા સાત્ત્વિક ગુણનું તે પરિણામ હોય છે. જ્યારે એ બન્ને ધોરણોને છોડી દઈને કોઈ આદર્શ પ્રમાણે, અથવા આપણે પોતે શોધી કાઢેલા, કે વ્યક્તિ તરીકે આપણે સ્વીકારેલા સત્યના કોઈ નવા જ વિચાર પ્રમાણે પ્રકૃતિને ઘડવાનો, જીવન ગાળવાનો કે કર્મ કરવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ ત્યારે તે પણ આપણા વિચાર, સંકલ્પ, લાગણી અને કર્મનું સતત શાસન કરી રહેલ પ્રકૃતિના ત્રણ ગુણોમાંના એકથી પ્રેરાયેલી એવી સતત સક્રિય શ્રદ્ધાનું જ કાર્ય હોય છે. વળી, જ્યારે આપણે દિવ્ય પ્રકૃતિ અનુસાર આપણી પ્રકૃતિને બનાવવાનો, તે પ્રમાણે જીવન ગાળવાનો અને કર્મ કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે પણ આપણે સતત ક્રિયાશીલ એવી શ્રદ્ધાથી આરંભ કરવાનો હોય છે. ગીતાના કથન પ્રમાણે સાત્ત્વિક પ્રકૃતિ પોતાનો સૌથી વધારે વિકાસ પ્રાપ્ત કરે અને પોતાની સ્પષ્ટ રેખાવાળી મર્યાદાઓનો ત્યાગ કરવાને તૈયારી કરતી હોય છે ત્યારે પણ એવી આધ્યાત્મિક શ્રદ્ધા પ્રગટ થાય છે.''

શ્રી અરવિન્દ

(વર્ષ ૦૨ : અંક ૭)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017
વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.